Saturday
17.02.2024
✳Volume :8 ✳ Issue No.206
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

આશરે રૂ. ૫,૪૫૦ કરોડના ખર્ચે વિકસિત થનાર ગુરુગ્રામ મેટ્રો રેલ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો

વિવિધ રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

પ્રધાનમંત્રીએ હરિયાણાનાં રેવાડીમાં રૂ. ૯,૭૫૦ કરોડથી વધારેનાં મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ કર્યા

"હરિયાણા રોકાણ માટે ટોચના રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે, અને રોકાણમાં વધારો થવાનો અર્થ એ છે કે નવી નોકરીની તકોમાં વધારો"

આશરે ૧,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી એઈમ્સ રેવાડીનો શિલાન્યાસ કર્યો

કુરુક્ષેત્રના જ્યોતિસર ખાતે અનુભવ સંગ્રહાલય 'અનુભવ કેન્દ્ર'નું ઉદઘાટન કર્યું

"અનુભવ કેન્દ્ર જ્યોતિસર ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા વિશ્વને પાઠનો પરિચય કરાવશે"

"હરિયાણાની ડબલ એન્જિન સરકાર વૈશ્વિક કક્ષાના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે"

રોહતક-મેહમ-હંસી સેક્શનમાં ટ્રેન સેવાને લીલી ઝંડી આપી

"હરિયાણા સરકારે પાણી સંબંધિત સમસ્યાઓના નિરાકરણ માટે પ્રશંસનીય કાર્ય કર્યું છે"

"હરિયાણા ટેક્સટાઇલ અને એપરલ ઉદ્યોગમાં પોતાનું મોટું નામ રોશન કરી રહ્યું છે"

"હરિયાણા માટે વિકસિત ભારત બનાવવા માટે વિકસિત થવું ખૂબ જ મહત્વપૂર્ણ છે"

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હરિયાણામાંરેવાડીમાં રૂ. ૯૭૫૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસકર્યાહતા. આ પ્રોજેક્ટ શહેરી પરિવહન, સ્વાસ્થ્ય, રેલવે અને પર્યટન સાથેસંબંધિત કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને પૂર્ણ કરે છે. શ્રી મોદીએ આ પ્રસંગે પ્રદર્શિત થયેલા પ્રદર્શનોમાં પણ ભાગ લીધો હતો. જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ બહાદૂરોની રેવાડીની ભૂમિને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને તેમના માટે આત્મિસ્તારનાં લોકોનાં સ્નેહ પર ભાર મૂક્યોહતો. તેમણે રેવાડીમાં ૨૦૧૩માં પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકેના તેમના પ્રથમ કાર્યક્રમને યાદ કર્યો અને લોકોની શુભેચ્છાઓને યાદ કરી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, લોકોનાં આશીર્વાદ તેમના માટે બહુ મોટી સંપત્તિ છે. તેમણે લોકોના આશીર્વાદનો શ્રેય વિશ્વમાં નવી ઊંચાઈઓ પર પહોંચેલા ભારતને આપ્યો હતો. યુએઈ અને કતરની તેમની મુલાકાત વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ વૈશ્વિક મંચ પર ભારતનેજે સન્માનઅને સદ્ભાવના મળે છે તેનો શ્રેય ભારતના લોકોને આપ્યોહતો એ જ રીતે,તેમણે કહ્યું કે જી-૨૦, ચંદ્રયાન અને ભારતીય અર્થવ્યવસ્થાનું ૧૧મા સ્થાનેથી ૫મા સ્થાન સુધીનું ઉત્થાન, જનતાના સમર્થનને કારણે મોટી સફળતાઓ છે. તેમણે આગામી વર્ષોમાં ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે લોકોના આશીર્વાદ માંગ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દેશને વિકસિત ભારત બનાવવા માટેહરિયાણાનો વિકાસજરૂરીછે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આજે હરિયાણાનાં વિકાસ માટે સુસજ્જ હોસ્પિટલોની સાથે રોડવેઝ અને રેલવેનેટવર્કનાંઆધુનિકીકરણ માટે આશરે રૂ. ૧૦,૦૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું શિલારોપણ દેશને સમર્પિત કરવામાં આવ્યું હતું. વિકાસલક્ષીપરિયોજનાઓનીયાદી આપતા પ્રધાનમંત્રીએ એઈમ્સ રેવાડી, ગુરુગ્રામ મેટ્રો, કેટલીક રેલ લાઈનો અને નવી ટ્રેનોનો ઉલ્લેખ કર્યો હતો, જેની સાથે પ્રાયોગિક સંગ્રહાલય – અનુભવ કેન્દ્ર જ્યોતિસરનો પણઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અનુભવ કેન્દ્ર જ્યોતિસર પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તે દુનિયાને ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ભગવદ ગીતામાં પાઠ શીખવાનો પરિચય કરાવશે તેમજ ભારતીય સંસ્કૃતિમાં હરિયાણાની ગૌરવશાળી ભૂમિનાં પ્રદાનને પ્રદર્શિત કરશે. તેમણે હરિયાણાની જનતાને આજની વિકાસલક્ષી પરિયોજનાઓ માટે અભિનંદન પાઠવ્યાંહતાં. 'મોદીનીગેરંટી' વિશે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરેપણ ચર્ચા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે રેવાડી 'મોદીનીગેરંટી'નો પહેલો સાક્ષી છે. તેમણે એવી બાંહેધરીઓને યાદ કરી હતી કે, તેમણે અહીં દેશની પ્રતિષ્ઠા વિશે અને અયોધ્યા ધામમાં શ્રી રામ મંદિર વિશે ઉલ્લેખ કર્યો હતો, જે હકીકતમાં પરિણમ્યુંછે. તેવીજ રીતે પીએમ મોદીએ આપેલી ગેરન્ટી મુજબ કલમ ૩૭૦ને રદ કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "અત્યારે જમ્મુ-કાશ્મીરમાં મહિલાઓ, પછાતો, દલિતો, આદિવાસીઓને તેમના અધિકારો મળીરહ્યાં છે."પ્રધાનમંત્રીએ અહીં રેવાડીમાંભૂતપૂર્વ સૈનિકોને 'વન રેંક વન પેન્શન'ની ગેરન્ટી પૂરી પાડવાની બાબતને યાદ કરી હતી અને અત્યાર સુધીમાં આશરે રૂ. ૧ લાખ કરોડ પ્રદાન કરવા વિશે જાણકારી આપી હતી, જેમાં હરિયાણાનાં ઘણાંભૂતપૂર્વ સૈનિકોને તેનો લાભ મળ્યો છે. રેવાડીમાં પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, ઓઆરઓપીનાં લાભાર્થીઓને અત્યાર સુધીમાંરૂ. ૬૦૦ કરોડથી વધારે રકમ મળી છે. તેમણે એમ પણ ધ્યાન દોર્યું હતું કે પાછલી સરકારે ઓઆરઓપી માટે રૂ. ૫૦૦કરોડનુંબજેટ રાખ્યુંહતું જે એકલા રેવાડીમાં સૈનિકોના પરિવારોને મળેલી રકમ કરતા ઓછું છે.

રેવાડીમાં એઈમ્સની સ્થાપનાની ખાતરી પણ આજનાં શિલાન્યાસ સાથે પૂર્ણ થઈ હતી. પ્રધાનમંત્રીએ ખાતરી આપી હતી કે,તેઓ રેવાડીએઈમ્સનું ઉદ્ઘાટન પણકરશે. તેમણે કહ્યું હતુંકે, તેનાથી સ્થાનિક નાગરિકો માટે વધુ સારી સારવાર અને ડૉક્ટર બનવાની તક સુનિશ્ચિત થશે. રેવાડી એઈમ્સ ૨૨મી એઈમ્સછે તેની નોંધ લઈને પીએમ મોદીએ માહિતીઆપી હતી કે, છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫ નવી એઈમ્સને મંજૂરીઆપવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦૦થી વધુ મેડિકલ કોલેજો અસ્તિત્વમાં આવી છે. હરિયાણામાં પણ દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ સુનિશ્ચિત કરવાનું કામ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રીએ વર્તમાન અને ભૂતકાળની સરકારોના સારા અને ખરાબ શાસન વચ્ચે સરખામણી કરી હતી તથા છેલ્લાં ૧૦ વર્ષથી હરિયાણામાં ડબલ એન્જિન ધરાવતી સરકારની હાજરી પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે, જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોના કલ્યાણ માટે ઘડવામાં આવેલીનીતિઓનું પાલન કરવાની વાતઆવે છે,ત્યારે રાજ્ય ટોચ પર છે. તેમણે કૃષિ ક્ષેત્રે હરિયાણાના વિકાસઅને રાજ્યના ઉદ્યોગોના વિસ્તરણ પર ભાર મૂક્યો. તેમણે દક્ષિણ હરિયાણાનાં ઝડપી વિકાસપર પણ પ્રકાશ પાડ્યો હતો, જે દાયકાઓ સુધી પછાત રહ્યો છે, પછી તે માર્ગ હોય, રેલવે હોય કે મેટ્રો સેવા હોય. પીએમ મોદીએ જાણકારીઆપતા કહ્યું કે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના દિલ્હી-દૌસા-લાલસોટ સેક્શનના પહેલા ફેઝનું ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું છે, જ્યારેતેમણે કહ્યું કે, ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે હરિયાણાના ગુરુગ્રામ, પલવલ અને નુહ જિલ્લામાંથી પસાર થાય છે. પ્રધાનમંત્રી મોદીએ માહિતી આપી હતી કે, હરિયાણાનું વાર્ષિક રેલવે બજેટ, જે વર્ષ ૨૦૧૪ અગાઉ સરેરાશરૂ. ૩૦૦ કરોડહતું, તે હવે છેલ્લાં ૧૦ વર્ષમાં વધારીને રૂ. ૩,૦૦૦ કરોડ કરવામાંઆવ્યું છે. તેમણે રોહતક-મેહમ-હંસી અને જીંદ-સોનીપત માટે નવી રેલવે લાઇનનો ઉલ્લેખ કર્યો હતો તથા અંબાલા કેન્ટ-દપ્પર જેવી લાઇનને બમણી કરવાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યુંહતું કે, એનાથી જીવનની સરળતામાં વધારો થશે અને સાથે-સાથે વેપાર-વાણિજ્યમાં સરળતા વધશે, જેનાથી લાખો લોકોને લાભ થશે. પ્રધાનમંત્રીએ રાજ્યમાં પાણી સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરવા માટે રાજ્ય સરકારની કામગીરીની પણ પ્રશંસા કરી હતી, જે અત્યારે સેંકડો બહુરાષ્ટ્રીય કંપનીઓનું ઘર છે, જે યુવાનોમાટે રોજગારીનું સર્જન કરે છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ટેક્સટાઈલ અને એપરલ ઉદ્યોગની વાત આવેછે ત્યારેહરિયાણા પોતાનું એક મોટું નામ બનાવી રહ્યુંછે, જે ૩૫ ટકાથી વધુ કાર્પેટની નિકાસ કરે છે અને ભારતમાં લગભગ ૨૦ ટકા વસ્ત્રોનું ઉત્પાદન કરે છે. હરિયાણાનાટેક્સટાઈલ ઉદ્યોગને આગળ વધારતા લઘુ ઉદ્યોગોનો ઉલ્લેખ કરીનેપ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પાણીપત હાથવણાટના ઉત્પાદનો, ફરીદાબાદ ટેક્સટાઈલનાં ઉત્પાદન માટે, ગુરુગ્રામ તૈયાર વસ્ત્રો માટે, સોનીપત ટેકનિકલ ટેક્સટાઈલ માટે અને ભિવાની બિન વણાટ-કાપડ માટેપ્રસિદ્ધ છે. પ્રધાનમંત્રીએ છેલ્લાં ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે એમએસએમઈ અને લઘુ ઉદ્યોગોને લાખો કરોડ રૂપિયાની સહાય કરી છે તેની જાણકારી આપી હતી, જેના પરિણામે જૂના લઘુ ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોમજબૂત થયાછે, ત્યારે રાજ્યમાં હજારો નવા ઉદ્યોગોની સ્થાપના પણ થઈ છે. રેવાડીમાં વિશ્વકર્માની પિત્તળની કારીગરી અને હસ્તકળાની કારીગરી પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ૧૮ વ્યવસાયો સાથે સંબંધિત આ પ્રકારનાંપરંપરાગત કારીગરો માટે પ્રધાનમંત્રી-વિશ્વકર્મા યોજનાનાં શુભારંભ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે, દેશભરમાં લાખો લાભાર્થીઓ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો ભાગ બની રહ્યાં છે અને સરકાર આપણાં પરંપરાગત કારીગરો અને તેમનાં કુટુંબોનાં જીવનમાં પરિવર્તન લાવવામાટે રૂ. ૧૩,૦૦૦ કરોડનો ખર્ચ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મોદીની ગેરન્ટી એવા લોકો માટે છે, જેમની પાસે બેંકોને ગેરન્ટી આપવા માટે કંઈ નથી." તેમણે નાના ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ પ્રદાન કરવા, ગરીબો, દલિત, પછાત વર્ગો અને ઓબીસી સમુદાયોને કોલેટરલ-ફ્રી લોન માટે મુદ્રા યોજના અને શેરી વિક્રેતાઓ માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. રાજ્યમાં મહિલાઓના કલ્યાણનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ નિઃશુલ્ક ગેસ કનેક્શન અને પાણી પુરવઠાનો ઉલ્લેખ કર્યો હતો તેમજ હરિયાણાની લાખો મહિલાઓ સહિત સ્વસહાય જૂથો સાથે દેશભરની ૧૦ કરોડ મહિલાઓને જોડવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ સ્વસહાય જૂથો માટે લાખો કરોડ રૂપિયાની આર્થિક સહાયનો પણ ઉલ્લેખ કર્યો હતો. લખપતિ દીદી યોજનાઓ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, જ્યારેઆ વખતનાંબજેટ હેઠળ તેમની સંખ્યા વધારીને ૩ કરોડ કરવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે અત્યાર સુધીમાં ૧ કરોડ મહિલાઓ લખપતિ દીદી બની છે. પ્રધાનમંત્રીએ નમો ડ્રોન દીદી યોજના વિશે પણ વાત કરી હતી, જેમાં મહિલાઓનાજૂથોને ખેતીમાં ઉપયોગ માટે કામ કરવા માટે તાલીમ આપવામાં આવી રહી છે, જેથી તેમના માટે વધારાની આવકનું સર્જન થયું છે.

પ્રધાનમંત્રીએ હરિયાણાના પ્રથમ વખતના મતદાતાઓના ઉજ્જ્વળ ભવિષ્ય પર ભાર મૂકતા કહ્યું હતું કે, "હરિયાણા અદ્ભૂત સંભાવનાઓનું રાજ્ય છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડબલ એન્જિન ધરાવતી સરકાર હરિયાણાને વિકસિત રાજ્ય બનાવવા અને ટેકનોલોજી હોય કે ટેક્સટાઈલ, પ્રવાસન કે વેપાર દરેક ક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી કરવા આતુર છે. પ્રધાનમંત્રીએ અંતમાં જણાવ્યું હતું કે, "હરિયાણા રોકાણ માટે એક સારા રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે અને રોકાણ વધારવાનો અર્થ એ છે કે રોજગારીની નવી તકોમાં વધારો થયો છે." આ પ્રસંગે હરિયાણાનાં રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય અને હરિયાણાનાં મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર પણ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમાં હરિયાણા સરકારનાં અન્ય મંત્રીઓ અને ધારાસભ્યો સામેલ હતાં.

પ્રધાનમંત્રીએ આશરે રૂ. ૫૪૫૦ કરોડનાં ખર્ચે વિકસિત થનાર ગુરુગ્રામ મેટ્રો રેલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. કુલ ૨૮.૫ કિલોમીટરની લંબાઇ ધરાવતો આ પ્રોજેક્ટ મિલેનિયમ સિટી સેન્ટરને ઉદ્યોગ વિહારના ફેઝ-૫ સાથે જોડશે અને સાયબર સિટી નજીક મોલસારી એવન્યુ સ્ટેશન પર રેપિડ મેટ્રો રેલ ગુરુગ્રામના હાલના મેટ્રો નેટવર્કમાં ભળી જશે. દ્વારકા એક્સપ્રેસ વે પર પણ તેની સ્પર હશે. આ પ્રોજેક્ટ નાગરિકોને વૈશ્વિક કક્ષાની પર્યાવરણને અનુકૂળ સામૂહિક ઝડપી શહેરી પરિવહન વ્યવસ્થા પ્રદાન કરવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

મહેસૂલ વિભાગ નાગરિકોના હિતો જાળવવામાં સફળ

રાજ્ય સરકારે મહેસૂલી સેવાઓ ઘરે બેઠા ઓનલાઈન માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી છે : મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

રાજ્યની તમામ સરકારી જમીનનું સુચારુપણે વ્યવસ્થાપન થાય તે માટે મહેસૂલ વિભાગ કટિબધ્ધ

- **મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શક રીતે મળે તેની વિશેષ કાળજી રાખી, જેને પરિણામે મહેસૂલ વિભાગને શ્રેષ્ઠ કામગીરી બદલ અનેક "એવોર્ડ અને સન્માન" પ્રાપ્ત થયા છે**
- **રાજ્યના તમામ જનસેવા કેન્દ્રો પરથી નાગરિકો દ્વારા કરવામાં આવેલી આશરે ૬.૧૦ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો**
- **મહેસૂલ વિભાગમાં આ વર્ષે રૂા.૫૧૯૪ કરોડની જોગવાઇ કરવા બદલ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો સમગ્ર રાજ્યના નાગરિકો વતી આભાર વ્યકત કરતા મંત્રીશ્રી**
- **મહેસૂલ વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર**



કમલમ્ ન્યુઝ,
રાજ્યના મહેસૂલ વિભાગ માટે આ વર્ષે બજેટમાં રૂા.૫૧૯૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ નાણાંકીય જોગવાઈ બદલ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો સમગ્ર રાજ્યના નાગરિકો વતી આભાર વ્યકત કરતા મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યુ કે, મહેસૂલવિભાગ નાગરિકોના હિતો જાળવવામાં સફળ રહ્યો છે. રાજ્ય સરકારે મહેસૂલી સેવાઓ ઘરે બેઠા ઓનલાઈન માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી છે. મિલકત સંબંધી લેવડ-દેવડના દસ્તાવેજ નોંધણીની કામગીરી પણ કમ્પ્યૂટરાઈઝ્ડ કરવામાં આવી છે તેમજ પારદર્શિતા જાળવવાના હેતુથી તમામ રેકોર્ડ અદ્યતન અને ડિજિટાઈઝ્ડ કરી પોર્ટલ પર મૂકવામાં આવ્યા છે. મહેસૂલ વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહમાંપસાર કરવામાં આવી હતી. મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપીઅને પારદર્શક રીતે મળે તેની વિશેષ કાળજી રાખી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના "ડિજિટલ ઈન્ડિયા"ના વિઝન મુજબ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવામાં આવી રહી છે. જેને પરિણામે મહેસૂલ વિભાગને શ્રેષ્ઠ કામગીરી બદલ અનેક "એવોર્ડ અને સન્માન" મળ્યાં છે. તેની વિસ્તૃત માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યુ કે, મહેસૂલ વિભાગને દેશના રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ગુજરાત રાજ્યના અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાઓને કેન્દ્ર સરકારના નિર્ધારિત માપદંડો મુજબ સફળતાપૂર્વક મહેસૂલી સેવાઓ અંગે કામગીરી કરવા એવોર્ડની તમામ ૬ કેટેગરીમાં સૌથી ઉચ્ચ એવોર્ડ ભૂમિ સન્માન એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેવી જ રીતે આઈ ઓરા પોર્ટલ પર શ્રેષ્ઠ કામગીરી બદલ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા દ્વારા એવોર્ડ પ્રાપ્ત થયો છે. એટલુ જ નહિ, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આપત્તિ જોખમ વ્યવસ્થાપન ક્ષેત્રમાં ઉત્તમ સેવા બદલ વર્ષ ૨૦૨૨ માટે સંસ્થાગત કેટેગરી હેઠળ રાષ્ટ્રીય કક્ષાનો પ્રતિષ્ઠિત "સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર" એનાયત કરવામાં આવ્યો હતો. રાજ્યનીતમામ સરકારીજમીનનું સુચારુપણે વ્યવસ્થાપન થાય તે માટે મહેસૂલ વિભાગ કટિબધ્ધ છે. સમગ્ર રાજ્યમાં માળખાકીય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવામાટે જ્યારે-જ્યારે જમીનની જરૂરિયાત હોય ત્યારે, રાજ્ય સરકાર માંગણી મુજબ વખતોવખત સરકારી જમીનની ફાળવણી નિયમોનુસાર કરે છે. ધોરડોખાતે હવાઈપટ્ટી, વાંસી ખાતે પી.એમ.મિત્ર પાર્ક, કચ્છમાં ગ્રીન હાઈડ્રોજન માટે તથા ખોલવડામાં આઈ.આઈ.આઈ.ટી તથા દેવભૂમિ દ્વારકામાં એરપોર્ટ અને હેલિપોર્ટ માટે જમીનો ફાળવી છે. રાજ્ય સરકારે આરોગ્ય કેન્દ્ર, વીજ સબસ્ટેશન, સહકારી મંડળી/દૂધ મંડળી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાજેવા જાહેર હિતના અનેક મહત્વનાપ્રોજેક્ટ માટેપણ સરકારી જમીન ફાળવી છે. ગુજરાતમાં ક્રાંતિકારી મહેસૂલીસુધારાઓ અંગે મંત્રીશ્રીએ કહ્યુકે, રાજ્યમાં૩૦ વર્ષ માટે રિન્યુએબલએનર્જીના તમામ પ્રોજેક્ટસને હંગામી ધોરણે બિનખેતી કરવા પ્રોત્સાહક નીતિ અમલમાં છે. તે ઉપરાંત બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતોથી ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનમાટે જમીન ભાડાપટ્ટે ફાળવણી, તમામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં સી.સી.ટી.વી. અને ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ બનાવાઈ તેમજ નવી શરતની જમીનોને સુઓ મોટો એટલે કે આપોઆપ જૂની શરતમાં ફેરવવા ઝુંબેશ હાથ ધરી છે. સમગ્ર રાજ્યમાં ફેસલેસ અને પેપરલેસ કામગીરીને માદયમ બનાવીને રાજ્ય સરકારે ડીજીટલ ગુજરાત પોર્ટલ બનાવ્યું છે. તમામ જનસેવા કેન્દ્રો પર સરકારના વિવિધ વિભાગોની કુલ ૧૪૮ જેટલી સેવાઓનો લાભ નાગરિકોને આપવામાં આવે છે. આમાંથી ૪૨ સેવાઓમાંતો નાગરિકોદ્વારા કરેલ અરજીઓનો નિકાલ ફક્ત એક દિવસમાં કરી આપવામાં આવે છે. ચાલુ વર્ષેસમગ્ર રાજ્યમાંજન સેવા કેન્દ્રો ખાતે વિવિધ સેવાઓ હેઠળ કુલ ૬૮ લાખથી પણ વધુ અરજીઓ મળેલ છે. આજ દિન સુધી રાજ્યના તમામ જન સેવા કેન્દ્રો પરથી નાગરિકો દ્વારા કરવામાં આવેલ આશરે ૬.૧૦ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. મહેસુલી સેવાઓ અંગે વિસ્તારપૂર્વક મંત્રીશ્રીએ કહ્યુ કે, આવકના દાખલાની સેવામાં અત્યાર સુધીમાં કુલ ૨.૧૫ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અત્યાર સુધીમાંરેશનકાર્ડની વિવિધ સેવાઓ અંગે કુલ ૧.૫૯ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ અંગેની ૩૭ લાખથી વધુ અરજીઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર અંગેની ૩૧ લાખથી વધુ અરજીઓ, વિધવા સહાય પ્રમાણપત્રની ૪.૪૫ લાખથી વધુ અરજીઓ તેમજ વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર અંગેનીપ.૨૩ લાખથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, રાજ્યના નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ સમયસર પૂરી પાડવા મહેસૂલી તંત્ર અને જિલ્લા વહીવટીતંત્રમાં જગ્યાઓ ભરવા માટે અમારી સરકાર કટીબધ્ધ છે. ચાલુ વર્ષે મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટી સંવર્ગમાંથી નાયબ મામલતદાર સંવર્ગમાં ૧૬૯૫ કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે. તે ઉપરાંત નાયબ મામલતદાર સંવર્ગમાંથી ૧૭૪ અધિકારીઓને મામલતદારમાં બઢતી આપવામાં આવી છે અને મામલતદાર સંવર્ગમાંથી ૬૯ અધિકારીઓને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે. એટલુ જ નહિ, મહેસૂલી કામગીરીનો વ્યાપ વધતા, નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ઝડપી સેવાઓપૂરી પાડવા મહેસૂલ વિભાગ હેઠળ નાયબ કલેક્ટર/ મામલતદાર/નાયબ મામલતદાર/ સબ રજીસ્ટ્રાર અને અન્ય વિવિધ સંવર્ગોની કુલ ૪૦૯નવી જગ્યાઓ ઉભી કરવા રૂ.૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ કહ્યુ કે, ૨૦૨૩ના ચોમાસા દરમ્યાન રાજ્યમાં સરેરાશ વરસાદના ૧૦૮.૧૬% વરસાદ નોંધાયો છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા માનવ મૃત્યુ સહાય પેટે રૂા.૫૫૬ લાખ, પશુ મૃત્યુ સહાય માટે રૂા. ૬૦૭.૧૪ લાખ, રોકડ સહાય રૂા.૪૬૫.૬૮ લાખ, ઘરવખરી સહાય રૂા.૧૭૨૬.૮૨ લાખ, ઝૂંપડા સહાય રૂા.૬૬.૩૧ લાખ અને મકાન સહાય પેટે રૂા.૮૨૪.૮૨ લાખ અસરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધીમાંચૂકવવામાં આવ્યા છે.

તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરમાં પંજરાપોળ જંક્શન તથા પંચવટીજંક્શન પર બે નવાફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે રૂ. ૧૮૫.૧૨ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદઅનુસાર, ૬૫૨ મીટર લંબાઈ સાથે ૧૭મીટર પહોળો પાંજરાપોળ જંક્શન ફ્લાય ઓવર બ્રિજ નિર્માણ પામશે. આમાટે અંદાજે રૂ. ૮૬.૯૪ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે. પંચવટી જંક્શન પરનોફ્લાય ઓવર રૂ. ૯૮.૧૮ કરોડના ખર્ચેનિર્માણ કરાશે. તે ૭૭૯.૧૯મીટર લંબાઈ ધરાવતોઅને ૧૭મીટર પહોળોબ્રિજ હશે. સ્વર્ણિમ જયંતીમુખ્યમંત્રી શહેરીવિકાસ યોજનાના ફ્લાય ઓવરબ્રિજ ઘટક અન્વયે સમગ્ર રાજ્યમાં ૭૫ ફ્લાય ઓવર બનાવવાની સામે અમદાવાદ મહાનગરમાં ૨૦ ફ્લાય ઓવર બનાવવાનોનિર્ણય કરવામાં આવેલો છે. રાજ્ય સરકારે અમદાવાદમાં આ પૈકીના ૭ ફ્લાય ઓવર બ્રિજમાટે રૂ. ૬૧૨.૮૬ કરોડનીફાળવણીની સૈદ્ધાંતિક અનુમતિ આપેલી છે. હવે અમદાવાદમાં બે નવા ફ્લાય ઓવર બ્રિજ માટેની મહાનગરપાલિકાએ કરેલી દરખાસ્ત શહેરી વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલસમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે ૨૦૨૩-૨૪ના વર્ષમાં થયેલી જોગવાઈઓમાંથી રૂ. ૧૮૫.૧૨ કરોડ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે. રાજ્ય સરકારે શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ સસ્ટેઈનેબલ અને કેપેબલ બનાવવા 'ઈઝ ઓફ લિવિંગ' પર ધ્યાન આપવાની નેમ રાખીછે. આ હેતુસર શહેરોમાંમાર્ગો, પુલો, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીયસગવડો સુદ્રઢ કરવા સહિતના શહેરી આયોજન અને વહીવટમાં ક્વોલિટેટીવ ચેન્જ માટે આ વર્ષના બજેટમાં શહેરીવિકાસ વિભાગમાટે કુલ રૂ. ૨૧,૬૯૬ કરોડનું બજેટ ફાળવ્યું છે. મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તેમજશહેરી વિકાસ સત્તામંડળોમાં બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝના કામો વધુ સંગીન બનાવવા આ વર્ષના બજેટમાં રૂ. ૮૬૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરોના સર્વાંગી વિકાસ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ એટલે કે, ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાંઆવ્યો છે.

કમલમ્ ન્યુઝ,

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષાસમૂહ જનોઈનું આયોજન અમદાવાદ એકમ૪ દ્વારા નિર્ણયનગર ખાતે ૨૧ બટુકોનોસમૂહે ઉપનયન સંસ્કાર કાર્યક્રમ યોજાયો બટુકોને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ના મહામંત્રી ડૉ અશ્વિન ત્રિવેદી અને પૂ ચૈતન્ય મહારાજે આશીર્વચન પાઠવ્યા. સમસ્ત ગુજરાતબ્રહ્મસમાજ અમદાવાદ એકમ ૪ના પ્રમુખ શ્રી કનુભાઈ રાવલ, યુવાપ્રમુખ શ્રીરાજેશભાઈ દવે, અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ પંડ્યા, મહિલાપ્રમુખ શ્રીકિરણબેન રાવલ, કાર્યક્રમના કન્વીનર શ્રી શિલ્પાબેન દવેઅને ઈલેશભાઈ, મહામંત્રી રજનીભાઈવ્યાસઅનેઅન્ય અગ્રણીઓએ જહેમત ઉઠાવેલીમોટી સંખ્યામાં બ્રાહ્મણો હાજર રહેલ

પ્રધાનમંત્રીએ 'વિકસિત ભારત વિકસિત રાજસ્થાન' કાર્યક્રમને સંબોધન કર્યું

રાજસ્થાનમાં રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, રાષ્ટ્રને સમર્પિત અને શિલાન્યાસ કર્યા

રાજસ્થાનમાં રૂ. ૫૦૦૦ કરોડથી વધુના મૂલ્યના વિવિધ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું

આશરે રૂ. ૫૩૦૦ કરોડના મૂલ્યના મહત્વપૂર્ણ સોલર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

જલ જીવન મિશન હેઠળના પ્રોજેક્ટ્સ સહિત આશરે રૂ. ૨૪૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સ માટે શિલારોપણ કર્યું

"યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને ગરીબો અમારા માટે ૪ સૌથી મોટી જાતિઓ છે અને મને ખુશી છે કે ડબલ એન્જિન સરકાર આ વર્ગોના સશક્તિકરણ માટે મોદીએ આપેલી બાંયધરીઓને પૂર્ણ કરી રહી છે."

જોધપુરમાં ઇન્ડિયન ઓઇલનો એલપીજી બોટલિંગ પ્લાન્ટ દેશને અર્પણ કર્યો

હું વિકસિત ભારતની વાત કરું છું, ત્યારે તે માત્ર એક શબ્દ અથવા ભાવના નથી, પરંતુ તે દરેક પરિવારના જીવનને સમૃદ્ધ બનાવવાનું એક અભિયાન છે. વિકસિત ભારત ગરીબી દૂર કરવા, ગુણવત્તાયુક્ત નોકરીઓનું સર્જન કરવા અને દેશમાં આધુનિક સુવિધાઓ ઊભી કરવા માટેનું અભિયાન છે."

આશરે રૂ. ૨૩૦૦ કરોડનાં મૂલ્યની આઠ મહત્ત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો

ભારત પાસે ભૂતકાળની નિરાશાને છોડીને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની તક છે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે 'વિકસિત ભારત વિકસિત રાજસ્થાન' કાર્યક્રમને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યની વિવિધ વિકાસપરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ માર્ગો, રેલવે, સૌર ઊર્જા, પાવર ટ્રાન્સમિશન, પેયજલ અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સહિત કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને સેવા પૂરી પાડે છે. જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ 'વિકસિત ભારત વિકસિત રાજસ્થાન' કાર્યક્રમ સાથે રાજસ્થાનનાં તમામ મતવિસ્તાર માંથી લાખો લોકોનાં જોડાણની નોંધ લીધી હતી તથા તેમની હાજરી બદલ તેમનો આભાર માન્યો હતો. તેમણે રાજસ્થાનનાં મુખ્યમંત્રીને ટેકનોલોજીનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં, જેથી તમામ લાભાર્થીઓને એક જ છત નીચે એકત્ર કરી શકાય. રાજસ્થાનના લોકોના ગુણોને ઉજાગર કરતા પીએમ મોદીએ થોડા દિવસો પહેલા રાજસ્થાનમાં ફ્રાંસના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેક્રોનના સ્વાગતને યાદ કરતા કહ્યું કે તેના પડઘા માત્ર ભારત આસપાસ જ નહીં પરંતુ ફ્રાંસમાં પણ સંભળાયા હતા. પ્રધાનમંત્રી મોદીએ રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન રાજ્યની મુલાકાત લીધી હતી ત્યારે લોકોના આશીર્વાદને પણ યાદ કર્યા હતા જ્યારે 'મોદી કી ગેરંટી' માં વિશ્વાસની પુષ્ટિ કરી હતી, જે ડબલ-એન્જિન સરકારની રચના તરફ દોરી ગઈ હતી. તેમણે માર્ગો, રેલવે, સૌર ઊર્જા, ઊર્જા, ઊર્જા ટ્રાન્સમિશન, પેયજળ અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસનાં ક્ષેત્રોમાં રૂ. ૧૭,૦૦૦ કરોડનાં મૂલ્યનાં હાલનાં વિકાસ કાર્યો માટે રાજસ્થાનનાં લોકોને અભિનંદન આપ્યાં હતાં તથા કહ્યું હતું કે, તેનાથી રાજ્યમાં રોજગારીની અસંખ્ય તકોનું સર્જન થશે. લાલ કિલ્લાની પ્રાચીર પરથી 'યે હી સમય હૈ-સહી સમય હૈ'ના પોતાના આહ્વાનને યાદ કરીને પ્રધાનમંત્રીએ વર્તમાન સમયને સુવર્ણકાળ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, હવે ભારત અગાઉના દાયકાઓની નિરાશાને પાછળ છોડીને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે આગેકૂચ કરી શકે છે. તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા કૌભાંડો, અસુરક્ષા અને આતંકવાદની વાતથી વિપરીત હવે અમે વિકસિત ભારત અને વિકસિત રાજસ્થાનના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. પીએમ મોદીએ ઉમેર્યું હતું કે, "આજે અમે મોટા સંકલ્પો લઈ રહ્યા છીએ અને મોટાં સપનાં જોઈ રહ્યા છીએ અને અમે તેમને હાંસલ કરવા માટે પોતાને સમર્પિત કરી રહ્યા છીએ." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "જ્યારે હું વિકસિત ભારતની વાત કરું છું, ત્યારે તે માત્ર એક શબ્દ કે ભાવના નથી, પરંતુ તે દરેક પરિવારના જીવનને સમૃદ્ધ બનાવવાનું અભિયાન છે." તેમણે ઉમેર્યું હતું કે, વિકસિત ભારત ગરીબી દૂર કરવા, ગુણવત્તાયુક્ત રોજગારીનું સર્જન કરવા અને દેશમાં આધુનિક સુવિધાઓ ઊભી કરવા માટેનું અભિયાન છે. ગઈકાલે તેઓ જે વિદેશ મુલાકાતથી પાછા ફર્યા હતા તેમાં વૈશ્વિક નેતાઓ સાથેની તેમની વાતચીતને ધ્યાનમાં રાખીને, પીએમ મોદીએ પ્રકાશિત કર્યું હતું કે વિશ્વના નેતાઓ સ્વીકારી રહ્યા છે કે ભારત મોટા સ્વપ્નો જોઈ શકે છે અને તે સપનાને સાકાર કરી શકે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, "વિકસિત રાજસ્થાનનો વિકાસ વિકસિત ભારતનાં વિકાસ માટે અતિઆવશ્યક છે." તેમણે રેલવે, માર્ગ, વીજળી અને પાણીનાં આવશ્યક ક્ષેત્રોનાં ઝડપી વિકાસ માટેની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારનાં ક્ષેત્રોનાં વિકાસથી ખેડૂતોને, પશુપાલકોને, ઉદ્યોગોને અને પર્યટનને મોટો લાભ થશે, ત્યારે રાજ્યમાં નવા રોકાણો અને રોજગારીની તકો પણ મળશે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, આ વર્ષે કેન્દ્રીય બજેટમાં માળખાગતવિકાસ માટે વિક્રમી રૂ. ૧૧ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે અગાઉની કોઈ પણ સરકાર કરતાં ૬ ગણી વધારે છે. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ખર્ચથી સિમેન્ટ, પથ્થરો અને સિરામિક્સ ઉદ્યોગોને મોટો ફાયદો થશે. પ્રધાનમંત્રીએ છેલ્લાં ૧૦ વર્ષમાં રાજસ્થાનમાં ગ્રામીણ માર્ગો, રાજમાર્ગો અને એક્સપ્રેસવેમાં અભૂતપૂર્વ રોકાણનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અત્યારે રાજસ્થાન વ્યાપક રાજમાર્ગો મારફતે ગુજરાત મહારાષ્ટ્રનાં દરિયાકિનારાનાં વિસ્તારો સાથે પંજાબ સાથે જોડાઈ રહ્યું છે. આજના પ્રોજેક્ટ્સથી કોટા, ઉદેપુર, ટોંક, સવાઈ માધોપુર, બૂંદી, અજમેર, ભીલવાડા અને ચિત્તોડગઢમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે. આ માર્ગો દિલ્હી, હરિયાણા, ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે વધુ સારી કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે. રેલવે માટે વીજળીકરણ, નવીનીકરણ અને રિપેરિંગનાં કાર્યો વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, બાંદિકુઈ-આગ્રા કિલ્લાની રેલવે લાઈનને બમણી કરવાથી મહેંદીપુર બાલાજી અને આગ્રા સુધીની પહોંચ સરળ બનશે. તેમણે કહ્યું હતું કે, એ જ રીતે, ખતીપુરા (જયપુર) સ્ટેશનથી વધુ ટ્રેનો દોડાવવામાં મદદ મળશે. પ્રધાનમંત્રી મોદીએ નાગરિકો પોતાના ઘરમાં સૌર વીજળીનું ઉત્પાદન કરી શકે તે માટે સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો હતો, સાથે જ વધારાની વીજળી વેચીને આવક પણ ઊભી કરી હતી. શ્રી મોદીએ પ્રધાનમંત્રી સૂર્યાઘર યોજના અથવા નિઃશુલ્ક વીજળીની યોજના શરૂ કરવાની બાબત પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં સરકાર ૩૦૦ યુનિટ નિઃશુલ્ક વીજળીની વ્યવસ્થા કરશે. તેમણે માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર શરૂઆતમાં ૧ કરોડ ઘરોને ટેરેસ પર સોલર પેનલ સ્થાપિત કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડશે, જ્યાં પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે ૭૫,૦૦૦ કરોડ રૂપિયા હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેનાથી મધ્યમ વર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગનાં સમાજને સૌથી વધારે લાભ થશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બેંકો લોનના સરળ વિતરણની સુવિધા પણ આપશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "રાજસ્થાનમાં સરકારે ૫ લાખ ઘરોમાં સોલર પેનલ સ્થાપિત કરવાની યોજના બનાવી છે." એમ ગરીબો અને મધ્યમ વર્ગનાં ખર્ચમાં ઘટાડો કરવા માટે ડબલ એન્જિન ધરાવતી સરકારનાં પ્રયાસો પર પ્રકાશ પાડતાં શ્રી મોદીએ કહ્યું હતું. પ્રધાનમંત્રીએ યુવાનો, મહિલાઓ, કિસાન અને ગરીબો એમ ચાર વર્ગોનાં વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે, "આ અમારા માટે ૪ સૌથી મોટી જાતિઓ છે અને મને ખુશી છે કે ડબલ એન્જિન સરકાર આ વર્ગોના સશક્તિકરણ માટે મોદીએ આપેલી ગેરંટી પૂરી કરી રહી છે." તેમણે નવી રાજસ્થાન સરકારના પ્રથમ બજેટમાં પ્રસ્તાવિત ૭૦ હજાર નોકરીઓની નોંધ લીધી હતી. તેમણે પેપર લીકની ઘટનાઓ માટે એસઆઈટીની રચના માટે નવી રાજ્ય સરકારની પ્રશંસા પણ કરી હતી. તેમણે પેપર લીક સામે કડક નવા કેન્દ્રીય કાયદા વિશે પણ માહિતી આપી હતી જે અવરોધક તરીકે કામ કરશે. પ્રધાનમંત્રીએ ગરીબ પરિવારોને રૂ. ૪૫૦ના દરે ગેસ સિલિન્ડર પ્રદાન કરવાની રાજ્ય સરકારની ખાતરીનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, તેનાથી રાજસ્થાનની લાખો મહિલાઓને લાભ થયો છે. અગાઉની સરકાર દરમિયાન જલ જીવન મિશનમાં થયેલાં કૌભાંડો તરફ આંગળી ચીંધીને શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હવે કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવી છે. તેમણે માહિતી આપી હતી કે, રાજસ્થાનનાં ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત હાલની રૂ. ૬,૦૦૦ની નાણાકીય સહાયમાં રૂ. ૨,૦૦૦નો વધારો કરવામાં આવ્યો છે. "અમે દરેક ક્ષેત્રમાં એક પછી એક અમારા વચનો પૂરા કરી રહ્યા છીએ. અમે અમારી બાંહેધરીઓ માટે ગંભીર છીએ. આથી જ લોકો કહે છે કે - મોદીની ગેરંટી એટલે પરિપૂર્ણતાની ગેરંટી." વિકસિત ભારત સંકલ્પ યાત્રા વિશે બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મોદીનો પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક લાભાર્થીને તેમના અધિકારો ઝડપથી મળી રહે અને કોઈ વંચિત ન રહે." તેમણે નોંધ્યું હતું કે, રાજસ્થાનનાં કરોડો નાગરિકોની ભાગીદારી, જ્યાં આશરે ૩ કરોડ લોકો માટે નિઃશુલ્ક સ્વાસ્થ્ય તપાસણી હાથ ધરવામાં આવી છે, ૧ કરોડ નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યાં છે, ૧૫ લાખ ખેડૂતોએ કિસાન ક્રેડિટ કાર્ડ માટે નોંધણી કરાવી છે, આશરે ૬.૫ લાખ ખેડૂતોએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના માટે અરજી કરી છે. પ્રધાનમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ સમયગાળા દરમિયાન આશરે ૮ લાખ મહિલાઓએ ઉજ્જવલા ગેસ જોડાણ માટે નોંધણી કરાવી છે, જેમાં ૨.૨૫ લાખ કનેક્શન ઈશ્યૂ કરવામાં આવ્યાં છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે રાજસ્થાનના ૧૬ લાખ લોકો પ્રત્યેક ૨ લાખ રૂપિયાની વીમાયોજનાઓમાં જોડાયા છે. પ્રધાનમંત્રીએ નિરાશાના વાતાવરણને પ્રોત્સાહન આપતા પરિબળો તરફ ધ્યાન દોર્યું હતું અને દેશની સફળતાની ઉજવણી કરવાનું ટાળ્યું હતું. તેમણે વંશવાદના રાજકારણ સામે પણ ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારની રાજનીતિથી યુવાનોને પ્રેરણા મળતી નથી. પ્રથમ વખતનાં મતદાતાઓનાં સ્વપ્નો અને આકાંક્ષાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ પ્રકારનાં યુવાનો "વિકસિત ભારતનાં વિઝન સાથે ઊભા છે." વિકસિત રાજસ્થાન અને વિકસિત ભારતનું વિઝન આવા પ્રથમ વખતના મતદારો માટે છે." આ પ્રસંગે રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્ર, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા, રાજસ્થાન સરકારના અન્ય મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા. પ્રધાનમંત્રીએ રાજસ્થાનમાં રૂ.૫,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રીએ ૮ લેનના દિલ્હીનાં ત્રણ પેકેજનું ઉદઘાટન કર્યું હતું—મુંબઈ ગ્રીનફિલ્ડ એલાઇનમેન્ટ (એનઈ-૪) એટલે કે બઓનલી-ઝાલાઈરોડથી મુઈ વિલેજ સેક્શન; હરદેવગંજ ગામથી મેજ નદી વિભાગ; અને તકલીથી રાજસ્થાન/એમપીબોર્ડર સુધીનો વિભાગ. આ વિભાગો આ ક્ષેત્રમાં ઝડપી અને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ વિભાગો વન્યપ્રાણીની અવરોધ વિનાની હિલચાલને સરળ બનાવવા માટે એનિમલ અંડરપાસ અને એનિમલ ઓવરપાસથી પણ સજ્જ છે. તદુપરાંત, વન્યજીવન પરની અસરને ઘટાડવા માટે ઘોંઘાટ અવરોધો પણ પૂરા પાડવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કાયા ગામમાં દેબારીમાં રાષ્ટ્રીય રાજમાર્ગ — ૪૮નાં ચિત્તોડગઢ-ઉદેપુર હાઈવે સેક્શનને જોડતી ૬-લેન ગ્રીનફિલ્ડ ઉદેપુર બાયપાસનું ઉદઘાટન પણ કર્યું હતું. આ બાયપાસ ઉદેપુર શહેરને ગીચતાથી બચાવવામાં મદદ કરશે. પ્રધાનમંત્રીએ રાજસ્થાનનાં ઝુંઝુનુ, આબુરોડ અને ટોંક જિલ્લાઓમાં માર્ગ માળખાગત સુવિધામાં સુધારો કરવા અન્ય વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન પણ કર્યું હતું. આ વિસ્તારમાં રેલવેની માળખાગત સુવિધાને મજબૂત કરતાં પ્રધાનમંત્રીએ રાજસ્થાનનાં આશરે રૂ. ૨૩૦૦ કરોડનાં મૂલ્યનાં આઠ મહત્ત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું અને શિલાન્યાસ કર્યો હતો. દેશને સમર્પિત કરવામાં આવી રહેલા રેલવે પ્રોજેક્ટ્સમાં જોધપુર-રાય કા બાગ-મેર્ટા રોડ-બિકાનેર સેક્શન (૨૭૭ કિમી) સહિત રેલ માર્ગોના વીજળીકરણ માટેની વિવિધ પરિયોજનાઓ સામેલ છે. જોધપુર-ફલોદી સેક્શન (૧૩૬ કિ.મી.); અને બિકાનેર-રતનગઢ-સદુલપુર-રેવાડી સેક્શન (૩૭૫ કિ.મી.) પ્રધાનમંત્રીએ 'ખતીપુરા રેલવે સ્ટેશન' પણ દેશને સમર્પિત કર્યું હતું. રેલ્વે સ્ટેશન જયપુર માટે સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસિત કરવામાં આવ્યું છે અને તે 'ટર્મિનલ સુવિધા' થી સજ્જ છે જ્યાં ટ્રેનો શરૂ થઈ શકે છે અને સમાપ્ત થઈ શકે છે. પ્રધાનમંત્રીએ જે રેલ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો છે, તેમાં ભગત કી કોઠી (જોધપુર)માં વંદે ભારત સ્લીપર ટ્રેનોની જાળવણી સુવિધા સામેલ છે. ખતીપુરા (જયપુર)માં વંદે ભારત, એલએચબી વગેરે જેવા તમામ પ્રકારના રેક્સની જાળવણી; હનુમાનગઢ ખાતે ટ્રેનોની જાળવણી માટે કોચ કેર કોમ્પ્લેક્સનું નિર્માણ; અને બાંદીકુઈથી આગ્રા ફોર્ટ રેલવે લાઈનનું ડબલિંગ થશે. રેલવે ક્ષેત્રના પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ રેલવેની માળખાગત સુવિધાઓનું આધુનિકીકરણ, સલામતીનાં પગલાં વધારવાનો, કનેક્ટિવિટીમાં સુધારો કરવાનો અને ચીજવસ્તુઓ અને લોકોની અવરજવરને વધુ અસરકારક રીતે સુલભ કરવાનો છે.

યુવાનો અને બાળકો માટે લોકતંત્રની કાર્યવાહી - ગતિવિધિનુ જ્ઞાાન ખુબ જરૂરી - મહેશ કસવાલા

સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ નિહાળી ગુજરાત વિધાનસભાની કાર્યવાહી ધારાસભ્યશ્રી મહેશ કસવાલાની પહેલના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ માટે વિધાનસભા ગૃહની જીવંત કાર્યવાહી જોવાનો અવસર શક્ય બન્યો

એમ.એલ.શેઠ અને સ્વામિનારાયણ ગુરુકુળના કુલ ૩૦૪ બાળકોએ ગુજરાત વિધાનસભાની લીધી મુલાકાત

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ સાવરકુંડલાના વિદ્યાર્થીઓ સાથે કર્યો સંવાદ

કમલમ્ ન્યુઝ,

વિધાનસભાની કાર્યવાહી અને સરકાર દ્વારા થતી રાજ્ય લેવલની ગતિવિધિઓ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ જાણતા હોય છે જ્યારે લોકતંત્રમાં દરેક બાબતોથી આજની પેઢી ગણાતા વિદ્યાર્થીઓ રાજકીય થતી ગતિવિધિઓ અંગેમાહિતગાર રહે અને લોકતંત્રમાંથતા કાર્યો અંગેની સમજણ મળી રહે તે માટે સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા નવી પેઢીના ભારતના ભવિષ્ય સમાનના વિદ્યાર્થીઓને ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની થતી કાર્યવાહી અંગેની તાદ્રશ્ય થતી કાર્યવાહી અને ગતિવિધિ અંગે સંપૂર્ણ જાણકારી અને માર્ગદર્શન મળી રહેવાના આશય સાથે સાવરકુંડલાની એમ.એલ.શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલઅને સ્વામીનારાયણ ગુરુકુળના ૩૦૪ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફ સાથે ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની મુલાકાત કરી હતીને સાવરકુંડલાના ઈતિહાસમાં પ્રથમવાર આટલીવિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિધાનસભા ગૃહની કામગીરીઓ નિહાળી તોખરી પણ સાથે સાથે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિધાનસભા ગૃહના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાથે સીધો જ સંવાદ કરવાનો સોનેરી અવસર પણ ધારાસભ્ય કસવાળાની પહેલને કારણે શક્ય બનવાનો આનંદ વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હતો ને વિદ્યાર્થીઓએ પણ સીધી જ મુખ્યમંત્રીશ્રી અને અધ્યક્ષશ્રી સાથે મુક્ત મને ચર્ચાઓ કરી હતી જ્યારે વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા પણ સાવરકુંડલાના વિદ્યાર્થીઓ સંગાથે રહ્યા હતા જ્યારે સ્કૂલના વિદ્યાર્થીઓ અને સંચાલકો, શિક્ષકો દ્વારા ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની કામગીરીઓ નિહાળવાનો આ પ્રથમ અવસર હતો કે જે ધારાસભ્ય મહેશ કસવાળાની વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણીઓ અને સાચી સમજણ સાથેના જ્ઞાન મળે તેવા અભિગમને કારણે સાર્થક સાબિત થયેલો હતો તેવું એમ.એલ.શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ અને સ્વામી નારાયણ ગુરુકુળ વતી અનિરુદ્ધસિંહ રાઠોડ, સતીશ પાંડે, અમિત મેવાડા, નિખીલ ઘેલાણીએ અખબારીયાદીમાંજણાવ્યું હતું.

સાંકળચંદ પટેલ યુનિવર્સીટિમાં વાર્ષિકોત્સવ "નૂતન ઉડાન ૨૦૨૪" ની ભવ્ય ઉજવણી તેમજ નૂતન જનરલ હોસ્પિટલ ખાતે "એમ. આર. આઈ. સ્કેનર મશીન" નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

ઉત્તર ગુજરાતની જનતા માટે પ્રાથમિક શિક્ષણથી લઈ મેડીકલ-પેરામેડીકલ, આયુર્વેદિક, હોમિયોપેથિક, ટેકનિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, સાયન્સ, કોમર્સ વગેરે ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પૂરું પાડતી ગુજરાતની એક માત્ર સાંકળચંદ પટેલ યુનિવર્સીટી ખાતે ૧૨ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન વાર્ષિકોત્સવ "નૂતન ઉડાન૨૦૨૪" ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ચાર દિવસીય વાર્ષિકોત્સવમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ શોર્ટ ફિલ્મ મેકિંગ, ઈલોક્યુશન, સલાડ ડેકોરેશન, ડિબેટ, અભિનય, સ્ટેન્ડઅપ, ગ્રુપ ડાન્સ, સોલો સોન્ગ, ફૂડ ફિયેસ્ટા, રંગોળી, મહેંદી, ફોટોગ્રાફી, રીલ મેકિંગ અને પેઈન્ટિંગ જેવી વિવિધ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી શિક્ષણનીસાથે આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ સુવિધા પૂરી પાડવામાં હંમેશા અગ્રેસર રહી છે, તેમજ ઉત્તર ગુજરાતની જનતા માટે કોરોના સમયમાંઆશીર્વાદરૂપબની રહેલ નૂતન જનરલ હોસ્પિટલખાતે ૧૫ ફેબ્રુઆરીના રોજ ગુજરાતરાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલના હસ્તે ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતું ''એમ. આર. આઈ. સ્કેનર મશીન'' અને દર્દીઓ માટે અદ્યતન સુવિધાઓથી સજ્જ ડિલક્સ રૂમોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગેતેમણે સાંકળચંદ પટેલ યુનિવર્સીટી અને નૂતન જનરલ હોસ્પિટલના શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતા કાર્યોને બિરદાવ્યા હતા. વાર્ષિકોત્સવના અંતિમ દિવસે તારીખ ૧૫ ફેબ્રુઆરીનારોજ સ્ટેજ પર્ફોર્મન્સમાંયુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ ૩૦થી વધુ ઈવેન્ટ્સમાં પોતાનીઆગવી કળાનું પ્રદર્શન રજૂ કરી ઊર્જાત્મક વાતાવરણ ઊભું કર્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ મહેસાણા જીલ્લાસાંસદ માનનીય શારદાબેન પટેલ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ શ્રી આર.પી.પટેલ અને ઊંઝા ઉમિયા માતા ફાઉન્ડેશનના સેક્રેટરી શ્રી દિલીપભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ, રિસર્ચ અને સ્પર્ધાત્મક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીની પ્રતિષ્ઠામાં વધારો કરનાર તમામ સ્ટાફ અનેવિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત વિશિષ્ટ કળા અને કૌશલ્યને બિરદાવ્યા હતા. ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જરૂરિયાતોની સાથે સ્પોર્ટ્સ, કલ્ચરલ, રિસર્ચ માટે પૂરું પાડવામાં આવતા પ્લેટફોર્મનો વધુમાં વધુ લાભ લેવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણીએ ભારતીય સંસ્કૃતિઅને કલાકૃતિના વૈશ્વિક મહત્વ પર ચિંતન રજૂ કરી કળા અને જીવનના સુમેળ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ શ્રી આર.પી.પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને કોલેજકાળને પોતાના જીવનનો પથ નક્કી કરવાનું કેન્દ્ર ગણાવ્યું હતું. ઊંઝા ઉમિયા માતા ફાઉન્ડેશનના સેક્રેટરી શ્રી દિલીપભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દીનો ધ્યેય રાખીને મહેનત કરી પોતાની અને યુનિવર્સીટીની ખ્યાતી વધારવા શુભેચ્છા પાઠવી હતી. ચાર દિવસ દરમિયાન યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક પ્રતિયોગિતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીએ સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા માટે સર્વે યુનિવર્સિટી સ્ટાફ અને વિદ્યાર્થીઓના કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો, યુનિવર્સિટીના હોદ્દેદારો, વિવિધ ફેકલ્ટીના પ્રિન્સિપાલ તેમજ ડીન, ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ અને ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વિંછીયા પંથકમાં સૌની યોજના સહિત વિવિધ વિકાસકામોની વાસંતી લહેર, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ. ૩૩૭ કરોડના કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટ જિલ્લાના વિંછીયા ખાતે રૂ. ૩૩૭.૦૬ કરોડના સૌની યોજનાની લિંક-૪ના પેકેજ-૯ સહિતના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિંછીયાના માર્કેટિંગ યાર્ડ પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં જંગીમેદનીને સંબોધિત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, છેવાડાના લોકોને ધ્યાનમાં રાખીને, તેમના માટે યોજના બનાવીને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હરહંમેશ પ્રયત્નશીલ છે. અમૃતકાળમાં દેશને વિકસિત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ માટે મુખ્ય ચાર જાતિઓ- ગરીબ, યુવા, અન્નદાતાઅને નારીશક્તિ - નક્કીકરી છે. ગુજરાતના બજેટમાં પણ આ ચાર જાતિઓના સર્વાંગી વિકાસ માટે અગ્રતા આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આજનો આ અવસર આ ચાર જાતિઓને વિકાસની નવી દિશા આપતો બહુવિધવિકાસનો અવસર છે. આજે ૨૧૪ દિવ્યાંગોને રૂ. ૨૮.૯૩ લાખની સાધન સહાય, વિચરતી જાતિના૧૩૩ લાભાર્થીને આવાસ માટે પ્લોટની સનદનું વિતરણ એ સરકારની ગરીબ કલ્યાણની પ્રતિબદ્ધતા છે. આ જિલ્લાના યુવાનોને ટેકનિકલ તાલીમ થકી રોજગારલક્ષી શિક્ષણ

આપવા માટે નવ કરોડનું નવું આઈટીઆઈ ભવનયુવા વિકાસની આપણી નેમ છે. સૌની યોજનાની લિંક-૪ના પેકેજ ૯નું કામ રૂ.૧૮૧ કરોડના ખર્ચે હાથ ધરવાની, ખાતમુહૂર્ત વિધિ એ અન્નદાતાને સિંચાઈ સુવિધાથી સમૃદ્ધ કરવાનો સંકલ્પછે. જ્યારે રૂ.૧૩૯ કરોડના ખર્ચે જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાના કામો, એ આ વિસ્તારની માતા બહેનોની-નારી શક્તિની પાણીની પીડા ભાંગવાનોપ્રયત્ન છે. વડાપ્રધાનશ્રીએ વિકસાવેલી કાર્યપદ્ધતિ "જે બોલવું એકરવું" તે સિદ્ધાંત પ્રમાણે ગુજરાત સરકાર કાર્ય કરી રહી છે. તેમણે કહ્યું હતું કે, વિકાસ માટે વિવિધ યોજનાઓ આપવા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાના લાભો છેક નીચે સુધી, છેલ્લી વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચે તેના માટે હરહંમેશ પ્રયત્ન કર્યો છે. જેની ગેરંટીના ભાગરૂપે અને સરકારી યોજનાના લાભો છેવાડાના લોકોને મળવા જ જોઈએ એવી ગુજરાત સરકારની નેમ સાથે તાજેતરમાં રાજ્યના ગામો સુધી વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા યોજવામાં આવી હતી. આમ યોજનાના લાભોને લોકો સુધી પહોંચાડીને વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત બનાવવુંછે. તેમણે કહ્યું હતું કે, "એક ભારત, શ્રેષ્ઠ ભારત" ની સંકલ્પનાને સાર્થક કરવા રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી થવાની કાર્યપધ્ધતિ સાથે જનતાને કોઈ તકલીફ ન પડે તેવી રીતે કામો કરવામાં આવી રહ્યા છે. તમારા વિસ્તારની તકલીફો અને વિકાસ માટેજરૂરી કામોની વિગતો સરકાર સુધી પહોંચાડવાનું આહવાન કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, નાગરિકોના પ્રશ્નોના ઉકેલ લાવીને તેને પૂરા કરવાની અમારી નેમ છે. વિકસિત ભારતના નિર્માણમાં જનતાની જવાબદારી અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણાં વિસ્તારમાં થયેલા વિકાસ કામોની જાળવણી કરવાની જવાબદારી આપણાં સૌની છે. આજે ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાતની સફળતાના ૨૦ વર્ષની ઉજવણી કરી રહી છે ત્યારે સ્વચ્છતા પણ વિકસિત ભારતનો જ એક ભાગ છે. ગુજરાત વિકસિત ભારતના નિર્માણમાં સૌનો વિશ્વાસ, સૌના વિકાસ અને સૌના પ્રયાસ સાથે નેતૃત્વ લઈને આગળ વધશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્તકર્યો હતો. રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સંબોધનમાં જણાવ્યું હતું કે, જસદણ-વિંછીયા પંથકને ૩૩૭ કરોડના વિકાસકામોની ભેટ મળી રહી છે, તે આપણા માટે આનંદની વાત છે. આ પંથકના લોકોને વર્ષોથી પીવાના-સિંચાઈના પાણીની ઝંખના હતી. જેને દૂર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ લઈને સૌની યોજના શરૂ કરાવી હતી. જેના થકીહવે આવિસ્તારમાંપીવા-સિંચાઈના પાણીની સુવિધા ઉપલબ્ધ થવાજઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસના અનેક નવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. તેમના દ્વારા સૌરાષ્ટ્ર સમૃદ્ધ થાય તેવા અનેક પ્રકલ્પો મળ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં ભારતની સમૃદ્ધિ માટે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા મજબૂત પગલાં લેવાઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, સૌની યોજના એ સૌરાષ્ટ્ર માટે નવા ભાગ્યનું અવતરણછે. આજેલોકાર્પિત તેમજ ખાતમુહૂર્ત થયેલા વિકાસ કામોની વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, સૌની યોજનાની લિંક ૧ થી ૪ના વિવિધ કામો થકી સૌરાષ્ટ્રની ધરતી હરિયાળી બની છે તેમજ ખેડૂતો પણ સમૃદ્ધ બનવા લાગ્યા છે. આ યોજના થકી સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોને સિંચાઈ તથા પીવાનું પાણી ઉપલબ્ધ થવા લાગ્યું છે. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે ખાતમુહૂર્ત થયેલા સૌની યોજનાની લિંક-૪ના પેકેજ-૯ના રૂ.૧૮૧ કરોડના કામો, અને ભાડલા તથા વિંછીયા ગ્રૂપ સુધારણા – જૂથ પાણી પૂરવઠા યોજનાના ૧૩૯કરોડના કામોની વિગતો સાથેતેનાથી લોકોને થનારા ફાયદાની વિગતો આપી હતી. આ સાથે ઘેલો નદી પર રૂ.૫.૧૫ કરોડના ખર્ચે બનેલ મેજર બ્રિજ, આટકોટમાં રૂ. ૨.૧૧કરોડના ખર્ચે બનેલા નવા બસ સ્ટેન્ડ, વિંછીયા ખાતે રૂ. ૯.૦૧ કરોડના ખર્ચે નિર્મિત નવી આઈ.ટી.આઈ.ના લોકાર્પણથી લોકોને મળેલી નવી સુવિધાઓ માટે આનંદ વ્યક્ત કર્યો હતો. નર્મદા, જળસંપત્તિઅને પાણી પુરવઠા વિભાગના સચિવશ્રી કે.એ.પટેલે સ્વાગત સાથે સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. તેમજ લોકર્પિત, ખાતમુહૂર્ત થનારા વિવિધ વિકાસકામોની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌની યોજનાની લિંક-૪ના તબક્કા-૩ અંતર્ગત વિંછીયા તાલુકાના આસલપુર ગામ પાસે ફીડર પમ્પિંગ સ્ટેશન બનાવીને પાણી ધારૈઈ ગામ સુધી પહોંચાડવામાં આવશે. લિંક ૪ના પેકેજ ૯દ્વારા કુલ ૭૨.૮૫૬ કિમી લંબાઈના પાઈપલાઈનના નેટવર્ક દ્વારા ૧૨ તળાવોને જોડવામાં આવશે. જેનાથી આસપાસના ૨૩ ગામોના ૪૫ હજારથી વધુ લોકોને ફાયદો થશે અને ૫૬૭૬ એકર વિસ્તારને સિંચાઈ અને પીવાના પાણીની પૂરતી સુવિધા મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિચરતી વિમુક્ત જાતિના ૧૩૩ પરિવારોને રહેણાંકના હેતુ માટે જમીનની સનદ આપવામાં આવી હતી. જ્યારે ૨૧૪ જેટલા દિવ્યાંગોને રૂ.

૨૮.૯૪ લાખના ખર્ચે ૧૮ પ્રકારના ૩૭૨ સાધનોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રિમોટથી વિવિધ લોકાર્પણ, ખાતમુહૂર્તનાં કામોની તકતીનું અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોના હસ્તે મુખ્યમંત્રીશ્રીનું મિલેટની ટોપલી, હળ, શાલ, પુષ્પગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી મંચ પર આવતા પહેલાં સૌ પ્રથમ વિચરતી વિમુક્ત જાતિના લોકો તેમજ દિવ્યાંગોને મળવા પહોંચી ગયા હતા અને તેઓના ખબર અંતર પૂછી સરકારી યોજનાના લાભો સરળતાથી મળ્યા છે તેઅંગે પૃચ્છા કરીહતી. આતકે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રવીણાબેન રંગાણી, અગ્રણીશ્રી ભરતભાઈ બોઘરા, કલેક્ટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોડ, રાજકોટ અધિક કલેકટરશ્રી ડી.જે.વસાવા, સૌની યોજનાચીફ એન્જિનીયરશ્રી એચ.યુ.કલ્યાણીસહિતના વરિષ્ઠ અધિકારીઓ, અગ્રણીશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, શ્રી અશ્વિનભાઈ સાંકળીયા, શ્રી ભાવેશભાઈ વેકરીયા, શ્રી અનિલભાઈ મકાણી સહિતના સ્થાનિક આગેવાનો, જસદણ - વીંછિયા પંથકના સંતો - મહંતો, ખેડૂતો, સ્થાનિક અગ્રણીઓ તેમજ લોકો બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આજે વિંછીયામાં કુલ મળીને રૂ. ૩૩૭.૦૬ કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટેની સૌની યોજનાની લિંક-૪ના પેકેજ-૯ના રૂ.૧૮૧ કરોડના કામો, અને ભાડલાતથા વિંછીયા ગ્રૂપ સુધારણા – જૂથ પાણી પૂરવઠા યોજનાના ૧૩૯ કરોડના કામોના ખાતમુહૂર્ત સામેલ છે. ઉપરાંત ઘેલો નદી પર રૂ.૫.૧૫કરોડના ખર્ચેબનેલ મેજર બ્રિજ, આટકોટમાં રૂ. ૨.૧૧ કરોડના ખર્ચે બનેલા નવા બસ સ્ટેન્ડ, વિંછીયા ખાતે રૂ. ૯.૦૧ કરોડના ખર્ચે નિર્મિત નવી આઈ.ટી.આઈ.ના લોકાર્પણનો સમાવેશ થાય છે.

જન સુવિધાઓમાં ઉતરોત્તર વધારો થાય એજ અમારો મંત્ર : આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ગીર સોમનાથ જિલ્લામાં એક જનરલ હોસ્પિટલ, બે પેટા જિલ્લા હોસ્પિટલ, છ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત

તલાલા ખાતે રૂ. ૫.૭૭ કરોડના ખર્ચે નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરાશે

કમલમ્ ન્યુઝ,

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યુંછે કે, રાજ્યના નાગરિકો માટે જન સુવિધાઓમાં ઉતરોત્તર વધારો કરવાના મંત્ર સાથેઅમારી સરકાર સતતપ્રયત્નશીલ છે. ગીર સોમનાથ જિલ્લાના તલાલા ખાતે રૂ. ૫.૭૭ કરોડના ખર્ચે નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરાશે તે માટે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. વિધાનસભા ખાતેતલાલા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તલાલા ખાતે હાલ જે સી.એચ.સી કાર્યરત છે ત્યાંજ નવીન મકાનનું બાંધકામ કરવામાં આવનાર છે. ગીર સોમનાથ જિલ્લામાં નાગરિકોને આરોગ્ય સુવિધા મળી રહે એમાટે એકજનરલહોસ્પિટલ, બે પેટા જિલ્લા હોસ્પિટલ, છ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોકાર્યરત છે. વેરાવળ ખાતે જિલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલમાં ૧૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધછે. ગીર ગઢડા અને ઉના તાલુકામાં બે પેટા જિલ્લા હોસ્પિટલો હાલ સી.એચ.સી ખાતે કાર્યરત છે. જે બંનેમાં ૫૦-૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધછે. વેરાવળખાતેની જિલ્લા હોસ્પિટલમાં સ્ટાફની અછત અંગેના પૂરક પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રીશ્રી ઉમેર્યુ કે, ભરતીની પ્રક્રિયા એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં બોન્ડેડતબીબોના હુકમો કરી દેવાયા છે. પરંતુ અમુક જગ્યાએ તબીબો હાજર નથી થયા અને લાંબીરજા પર હોવાના કારણે થોડા પ્રશ્નો છે જેનું વિશ્લેષણ કરવામાં આવીરહ્યું છે અને સત્વરે આ કામગીરી પૂર્ણ કરીને તબીબોને મુકવાની કામગીરી કરવામાં આવશે.

કેન્સરની સારવારની સાથોસાથ કેન્સર ન થાય તે માટે સજાગતા કેળવવાની વિશેષ જરૂર : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

આપણા ખાનપાન અને જીવનશૈલીને કારણે કેન્સર જેવા મહારોગો વધ્યા છે : જેવું અન્ન એવું મન, આહાર શુદ્ધ હશે તો તન અને મન બંને શુદ્ધ અને રોગ રહિત રહેશે

અમદાવાદમાં ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

કમલમ્ ન્યુઝ,

ગુજરાત કેન્સર સોસાયટી દર્દીઓની શ્રેષ્ઠ સારવાર, કેન્સર વિષયમાં શ્રેષ્ઠ શિક્ષણ અને કેન્સર ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધન કરી રહી છે. સાથોસાથ સમાજે પણ કેન્સર ન થાય તે માટે વિશેષ સજાગતા કેળવવાની જરૂર છે.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે અમદાવાદમાં ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લેતાં કહ્યું હતું કે, આપણા ખાનપાન અને આપણી જીવનશૈલીને કારણે કેન્સર જેવા મહારોગોનો વિસ્ફોટ થયો છે.

ગુજરાત કેન્સર સોસાયટી દર વર્ષે ૮ લાખ ઓપીડી દર્દીઓ અને ૬૦,૦૦૦ ઇન્ડોર દર્દીઓને સેવા આપી રહી છે : શ્રી પંકજભાઈ પટેલ



કેન્સરની સારવારની સાથેસાથ કેન્સર ન થાય તે માટે જનજાગૃતિ કેળવવાની અત્યંતઆવશ્યકતાછે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યુંહતું કે, આધુનિક ટેકનોલોજી, સંસાધનો અને સાધનોની સહાયથી ગુજરાત કેન્સર સોસાયટી કેન્સરના દર્દીઓને અને તેમના પરિવારજનોને ઓછામાંઓછું કષ્ટ પડે એ પ્રકારે નિસ્વાર્થ ભાવે માનવતાની મોટીસેવાકરીરહીછે. માત્ર ગુજરાત જ નહીં, ભારતભરના લોકો તેનો લાભ મેળવી રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતમાંવર્ષ-૨૦૨૨માંકેન્સરના ૧૪ લાખથીવધુ દર્દીઓહતા. વર્ષ-૨૦૨૩માં આ આંકડો ૧૫ લાખે પહોંચ્યો છે. તે પૈકી ગુજરાતમાં કેન્સરના ૭૩ હજાર દર્દીઓ છે. બીમારીના ઉપચારની સાથોસાથ તે ન થાય તેના ઉપાયો પણ વિચારવા જોઈએ. આપણે પર્ણોને પાણી સિંચ્યા કરીએ છીએ, ખરેખર તો મૂળમાં પાણીઆપીએ તોપર્ણો સુધી પહોંચવાનું જ છે.આપણા ખાનપાન અને આપણીજીવનશૈલી સુધારીશું તો કેન્સર, ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગોને થતા જ અટકાવી શકીશું. વૈજ્ઞાનિક સંશોધનો અને અભ્યાસોના તારણને ટાંકતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અનાજની હાઈબ્રીડ જાતો અને રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓના વધારે પડતા ઉપયોગને કારણે આપણા ખાદ્યાન્નમાંથી ૪૫% પોષક તત્વો ગાયબછે. વધુઉત્પાદન મેળવવાની લ્હાયમાં આપણે પોષક તત્વો ગુમાવ્યા છે.

એટલે જીવલેણ રોગોનું આક્રમણ વધ્યું છે. કેન્સર માટે તમાકુ તો જવાબદાર છે જ, રાસાયણિક ખાતરઅને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી આપણા ભોજનમાં આપણે ધીમું ઝેર લઈ રહ્યા છીએ. ફાસ્ટ ફૂડ - જંક ફૂડનો વધતોપ્રભાવઅને યોગ - પ્રાણાયામના અભાવને આપણે ગંભીરતાથી લેતા નથી. જેવું અન્ન એવું મન. અન્નથી જ મન બને છે. આહાર શુદ્ધ હશે તો તન અને મન બંને શુદ્ધ અને રોગ રહિત રહેશે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પહેલાં નદી-તળાવ અને સરોવરોમાં છલ્લોછલ પાણી દેખાતા હતા, પછી પાણી માટે આપણે કુવા સિંચ્યા અને આજે આપણે બોટલોમાં પાણી મેળવી રહ્યા છીએ. જો આમ જ ચાલ્યું તો આવનારા દિવસોમાં આપણે પાણીના ઈન્જેકશન લેતા હોઈશું. વિકાસ અને ઉત્પાદનના નામે આપણે પ્રકૃતિનો વિનાશ કરી રહ્યા છીએ. આવનારી પેઢી એ ઘણી પરેશાની ભોગવવાની થશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યુંકે, શુદ્ધ અન્ન માટે પ્રાકૃતિક ખેતી એકમાત્ર ઉપાય છે. ગુજરાતમાં ૯ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. તેમણે તમામને પ્રાકૃતિક કૃષિ પેદાશો જ વાપરવાનો આગ્રહ કર્યોહતો.રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ગુજરાત કેન્સર સોસાયટી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને શ્રીપંકજભાઈ પટેલ તથા તેમના સાથીઓની મહેનતનું પરિણામ છે. ગુજરાત કેન્સર સોસાયટીમાં સુવિધાઓ માટે મોટું દાન આપનાર ત્રણ દાતાઓ; શ્રી સંદીપ એન્જિનિયર (એસ્ટ્રલ પાઈપ), શ્રી રાકેશભાઈ શાહ (કંચન ફાર્મા) અને શ્રી જયંતીભાઈ પટેલ(મેઘમણી ગ્રુપ)નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સન્માન કર્યું હતું. ગુજરાત કેન્સર સોસાયટીના અધ્યક્ષ શ્રી પંકજભાઈ પટેલ પોતાના ઉદબોધનમાં કહ્યું હતુંકે છેલ્લા છ દાયકાથી સોસાયટી કેન્સરના દર્દીઓની સારવાર અને કેન્સર પ્રત્યે જાગૃતિ કેળવવાપ્રયત્નશીલ છે કેન્સર નિદાન શિબિર અને તાત્કાલિકસારવાર નેવધુપ્રોત્સાહન આપીને સોસાયટી કેન્સરના દર્દીઓની પીડાઓછીકરવાનો હર સંભવપ્રયાસનિરંતર કરીરહી છે. તેમણે કહ્યું કે, ગુજરાત કેન્સર અનુસંધાન સંસ્થાન, ગુજરાત કેન્સર સોસાયટી મેડિકલ કોલેજ અને રિસર્ચસેન્ટર, ડૉ. ટી બીપટેલ ડ્રગ બેંક અને કોમ્યુનિટી કેન્દ્ર ના માધ્યમથી ગુજરાત કેન્સર સોસાયટી દર વર્ષે લગભગ૮ લાખ ઓપીડી દર્દીઓ અને ૬૦,૦૦૦ ઈન્ડોર દર્દીઓને સેવા આપી રહી છે. ગુજરાત કેન્સર અનુસંધાન સંસ્થાને નવા પ્રોટોન કેન્દ્રની યોજના બનાવવાનીદિશામાંમહત્વનું પગલું છે. ડૉ. ટી.બી. પટેલ ડ્રગ સેન્ટરના માધ્યમથી એક લાખ જેટલા દર્દીઓને સબસીડીવાળી દવાઓ આપવામાંઆવી રહીછે. બેઠકની શરૂઆતમાં જનરલ સેક્રેટરી શ્રી ક્ષિતિશ મદનમોહને સ્વાગત ઉદ્બોધન કર્યું હતું અને અંતમાં ગુજરાત કેન્સર સોસાયટીના સેક્રેટરી શ્રી દિવ્યેશ રાડીયાએ આભાર વિધિકરી હતી.

યુવાધનનો શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસ કરવા માટેભવિષ્યલક્ષી આયોજન કરવું એ અમારી સરકારની નેમ : શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસને કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની રૂ. ૨૬૫૯ કરોડની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર

- છેલ્લા કેટલાક વર્ષોથી રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ
- રાજ્ય સરકારે છેલ્લા ૫ વર્ષમાં ૧૫.૨૧ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડી
- ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન ખાતે ડ્રોન ઇન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટર સ્થાપાશે
- શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫માં નવા ૧૦૦ કેન્દ્રો શરૂ કરાશે
- શ્રમિકોને પ્રાથમિક સારવાર પહોંચાડવા ૫૦ નવા ધનવંતરી રથ શરૂ કરાશે

કમલમ્ ન્યુઝ,

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસને કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થયું છે. રાજ્યના યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાંમોખરાનું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી રોજગાર કચેરીદ્વારા રોજગારીપૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે. મંત્રીશ્રીએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૧,૦૮૬ભરતીમેળાના આયોજન થકી ૧૫.૨૧ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારનું 'અનુબંધમ પોર્ટલ' નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે. આ પોર્ટલમાં હાલની સ્થિતિએ ૩ લાખથી વધુ ઉમેદવાર તથા ૪૭,૦૦૦થી વધુ નોકરીદાતાઓ નોંધાયા છે. મંત્રી શ્રી રાજપૂતે કૌશલ્ય વિકાસપર ભાર મૂકતાં કહ્યું કે, નવીટેકનોલોજી, નવા સેવાકીય સેક્ટર અને વૈશ્વિક બજારમાંકુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે યુવાધનને તાલીમબદ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યના યુવાધનનો શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસ કરવા માટે ભવિષ્યલક્ષી આયોજન કરવું એ અમારી સરકારની નેમ છે. તેમણે કહ્યું કે, કૌશલ્ય વિકાસ ક્ષેત્રે ગુજરાતને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ હરોળમાં લાવવા આ વર્ષે બજેટમાં કૌશલ્ય વિકાસ માટે રૂ. ૫૬૮ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત ભવિષ્યમાં સેમિકન્ડક્ટરહબ બનવાજઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા 'કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી' ખાતે વ્યાપક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા માઈક્રોન કંપની સાથેરાજ્ય સરકારે એમઓયુ કર્યા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટાથી શરૂ કરાયેલી 'કૌશલ્યા : સ્કીલ યુનિવર્સીટીની' હેઠળ ન્યુ એઈજ સ્કીલ આધારિત ૬ વિદ્યા શાખા શરૂ કરવામાં આવી છે. આ વિદ્યા શાખા હેઠળ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ ૧૨૦ જેટલા વિવિધ અભ્યાસક્રમો અંતર્ગત વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરી રોજગારીપૂરી પાડવામાંઆવી રહી છે. કૌશલ્યા : ધ સ્કિલ યુનિવર્સિટીએ ડ્રોન ઉત્પાદન અને ડ્રોન તાલીમ માટે "ડ્રોન મંત્રા" લેબોરેટરી પણ વિકસાવી છે. ડ્રોન ક્ષેત્રના વિકાસને ધ્યાને લઈ ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ખાતે ડ્રોન ઈન્સ્ટ્રક્ટર ટ્રેનીંગસેન્ટરનીસ્થાપના કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રી શ્રી રાજપૂતે શ્રમયોગીકલ્યાણ અંગેવાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના શ્રમયોગીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. તેમણે ઉમેર્યું કે, શ્રમિકોને આર્થિક સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦.૬૭ લાખથી વધુ શ્રમિકોને રૂ. ૧૩૧૫ કરોડની રકમ બોનસ તરીકે ચૂકવવામાં આવી છે, જે બોનસપેટે ચૂકવાયેલ સૌથી વધુ રકમ છે. તેમણે કહ્યું કે, માત્ર પાંચ રૂપિયાના નજીવા દરે શ્રમિકોને પૌષ્ટિક ભોજન પૂરી પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં નવા ૧૫૦ કેન્દ્રોની શરૂઆત કરવામાં આવતા રાજ્યમાં કેન્દ્રોની સંખ્યા વધીને ૨૭૮ થઈ હતી. આગામી વર્ષ ૨૦૨૪-૨૫માં નવા ૧૦૦ કેન્દ્રો શરૂ કરવા માટે રાજ્ય સરકારે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. અન્ન સુરક્ષા ઉપરાંત શ્રમિકોને આરોગ્ય સુવિધા પૂરી પાડવા રાજ્યમાં હાલ ૧૫૪ ધનવંતરી આરોગ્ય રથકાર્યરત છે. આ ૧૫૪ રથ થકી અત્યાર સુધીમાં કુલ ૮૦ લાખથી વધુ ઓ.પી.ડી. થઈ છે. રાજ્યભરના શ્રમિકોને પ્રાથમિક સારવાર પહોંચાડવા ૫૦ નવા ધનવંતરીરથોકાર્યાનવિત કરવામાં આવશે, તેવી મંત્રીશ્રીએ માહિતી આપીહતી. વધુમાંમંત્રીશ્રીએ ઉમેર્યું કે, નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળકોનાઅભ્યાસ માટેભરેલ કુલ ફીના ૧૦૦% રકમની સહાય આપવા નિવાસી શિક્ષણ સહાય યોજના, ગુજરાત સામુહિક જુથ અકસ્માતયોજના, મરણોત્તર ક્રિયા માટે અંત્યેષ્ઠી સહાય જેવી વિવિધ યોજનાઓ અમલમાંછે. અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ રૂ.૫૦૦૦ સહાય આપવામાં આવતી હતી, જેમાં વધારો કરીને વર્ષ ૨૦૨૪-૨૫થી સહાયની રકમ રૂ. ૧૦,૦૦૦ કરાઈ છે. મંત્રી શ્રી રાજપૂતે કહ્યું કે, ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં શ્રમિકોના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫થી સહાયની રકમ રૂ. ૧.૦૦ લાખથી વધારીને રૂ. ૪.૦૦ લાખ કરાઈ છે. આ ઉપરાંત બાંધકામ શ્રમિકો માટે "શ્રમિક બસેરા" યોજના અંતર્ગત માત્ર પાંચ રૂપિયા પ્રતિ દિન પ્રતિ શ્રમિક ભાડાના દરથી શ્રમિકોને રહેવાની સુવિધા પૂરીપાડવામાં આવશે. સંગઠિત ક્ષેત્રે ફરજ બજાવતા શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુસર મોબાઈલ મેડિકલ વાન યોજના અમલમાં છે. આ યોજના અન્વયે ૧૯ મોબાઈલ મેડીકલ વાન કાર્યરત છે. ચાલુ નાણાંકીય વર્ષમાં વધુ ૭ મોબાઈલ મેડિકલ વાન ખરીદવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

જસદણના પાટીદાર શૈક્ષણિક ભવનની મુલાકાત લેતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

સંસ્થા દ્વારા થતી સમાજોપયોગી પ્રવૃત્તિઓથી માહિતગાર થતા મુખ્યમંત્રીશ્રી

- ગુજરાતના વિકાસની હરણફાળમાં સામાજિક-ધાર્મિક સંસ્થાઓનું મોટું પ્રદાન છે
- સંપ અને સર્વ-સમાવેશક અભિગમથી મોટા-મોટા સામાજિક કાર્યો સફળ થાય છે

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લામાં વિંછીયા ખાતે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાબાદ જસદણ ખાતે પાટીદાર શૈક્ષણિક ભવનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાખાતે વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કરીનેસંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. આ પ્રસંગે સંસ્થાના પટાંગણમાં યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિતોને ઉદબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સેવાભાવીસંસ્થાનું સંકુલ નાનું હોય કે મોટું, સમાજોપયોગી પ્રવૃત્તિ કરતા સંચાલકોને પ્રોત્સાહન મળી રહે તે માટે સરકાર સતત પ્રયાસરત છે. સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સરકાર સાથે સહભાગિતાથી કામ કરે છે, તેના લીધે ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. ગુજરાતના વિકાસનીહરણફાળમાં સમાજિક-ધાર્મિક સંસ્થાઓનુંમોટું પ્રદાન છે. આપાટીદાર સંસ્થાદ્વારા સમાજના તમામ લોકોને સરકારી યોજનાઓમાં લાભ લેવા માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે, તે સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે. આવા સરાહનીય અને સર્વ - સમાવેશક અભિગમથીમોટા મોટા સામાજિક કાર્યો શક્ય બને છે, સફળ થાય છે. દેશ પાસે આજે સક્ષમ નેતૃત્વ છે, જેના માર્ગદર્શન હેઠળ દેશ સતત પ્રગતિ કરી રહ્યો છે. નીતિ આયોગના અહેવાલ મુજબ ગુજરાત આર્થિક મોરચે અગ્રણી છે જણાવતા મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે આ વર્ષે રાજ્યનું બજેટ ત્રણ લાખ બત્રીસ હજાર કરોડથી વધારેની રકમનું રજૂ કરવામાં આવ્યું છે, જે રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ દર્શાવે છે. તેમણે રોજિંદા અનેજાહેર જીવનમાં સ્વચ્છતાનામહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ગ્લોબલ ગુજરાતની વિભાવના સ્થાપિત કરવા માટે રોજિંદા જીવનમાં સ્વચ્છતાનો આગ્રહ રાખવો જોઈએ. સંસ્થાના આગેવાનો, સેવાપ્રદાતાઓ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીનું વિવિધ મોમેન્ટો અને પુષ્પહારથીઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારોતેમજપાટીદારઆગેવાનોશ્રી ભીખાભાઈ બાંભણિયા, શ્રી નાનજીભાઈ ઠોરિયા, શ્રી દિનેશભાઈ બાંભણિયા, શ્રી ભરતભાઈ છાયાણી તેમજ કલેકટરશ્રી પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હણે, એસ.પી શ્રી જયપાલસિંહ રાઠૌર, પ્રાંત અધિકારીશ્રી રાહુલ ગમારા, મામલતદારશ્રી મિલન રાજ્યગુરુ, મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિતરહ્યા હતા.

સોમનાથથીદેવભૂમિ દ્વારકા વચ્ચે પોરબંદર અને જામનગર જિલ્લાનાવિવિધ સ્થળોનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરાશે: પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઇ બેરા

બરડો ડુંગર સર્કિટમાં જાબુંવનની ગુફા, મોકરસાગર જળાશય, ફૂલનાથ મહાદેવ અને અંબાજી માતાના મંદિરને યાત્રાધામ અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા ગૃહ ખાતેસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનાપ્રત્યુત્તરમાં પ્રવાસનમંત્રી શ્રીમુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સોમનાથથી દ્વારકા વચ્ચે પોરબંદર અને જામનગર જિલ્લાના વિવિધ સ્થળોને પ્રવાસન અને યાત્રાધામ સ્થળ તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, બરડો ડુંગર સર્કિટમાંપોરબંદર જિલ્લાની જાબુંવનની ગુફા, મોકરસાગર જળાશય તેમજ જામનગર જિલ્લાના ફૂલનાથ મહાદેવને યાત્રાધામ અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જામનગરના સિદસર તાલુકામાં સ્થિત ઉમિયા માતાજીના મંદિરનો પણ યાત્રાધામ તરીકે વિકાસ થઈ રહ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે, ભવિષ્યમાં બરડા ડુંગર સર્કિટમાં વન્ય પ્રાણીઓને નિહાળી શકાય તે માટે ઓપન જંગલ સફારી તેમજ મૂળ દ્વારકાને પણ યાત્રાધામ સ્થળ તરીકે વિકસાવવા અંગેનું આયોજન કરવામાંઆવશે.

ખાનગી યુનિવર્સિટીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે સરકાર કટિબદ્ધ : શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા

ખાનગી યુનિવર્સિટીઓ પર સંપૂર્ણ દેખરેખ અને નિયંત્રણ રાખવા ઉચ્ચ સ્તરીય સમિતીની રચના કરાઈ

કમલમ્ ન્યુઝ,

સાબરમતી યુનિવર્સિટી દ્વારા નાણાં લઈને પી.એચ.ડી.ની તેમજ અન્ય ઉચ્ચ ડીગ્રીઓ અને સર્ટીફીકેટ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલાપ્રશ્નના જવાબમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે,ખાનગી યુનિવર્સિટીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવામાટે સરકાર કટિબદ્ધ છે. આઅંગેતપાસ કરવા ત્રણ સભ્યોની તપાસ સમિતિની નિમણુંક કરવામાં આવીહતી. જેના દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. આવી ગેરરીતિ આચરનારા વિરુદ્ધકડક કાર્યવાહી કરવામાં આવશે. તેમની ડિગ્રી પાછી મેળવી તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાબરમતી યુનિવર્સિટી જેવી ખાનગી યુનિવર્સિટીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ માટેની જોગવાઈ સંદર્ભે પૂછાયેલા પુરક પ્રશ્નના જવાબમાંમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત-ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ હેઠળ ખાનગી યુનિવર્સિટીની અસરકારક દેખરેખ અને નિયંત્રણ માટે શિક્ષણ વિભાગ દ્વારા બે સમિતીની રચના કરવામાં આવી છે. જેમાં(૧) ઉચ્ચ સ્તરીય એપેક્ષ કમિટીઅને (૨)દેખરેખ નિરીક્ષણ, સમીક્ષા, અને તપાસણી સમિતિની રચના કરવામાંઆવીછે. જે તમામ ખાનગી યુનિવર્સિટીઓ પર સંપૂર્ણ દેખરેખ અને નિયંત્રણ રાખી રહી છે.



મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે રુચિ ધરાવતા રાજ્યના જરૂરિયાતમંદ યુવાનો માટેઆશીર્વાદરૂપ : મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા

છેલ્લા બે વર્ષમાં ટેકનીકલ શિક્ષણ હેઠળના ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા રાજ્યના ૩૨,૮૩૯ વિદ્યાર્થીઓને રૂ.૧૩૪.૦૩ કરોડની સહાય ચુકવાઈ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીયુવા સ્વાવલંબન યોજના હેઠળ ઈજનેરી વિદ્યાર્થીઓને અપાતીસહાય સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, આ યોજનાટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે રુચિ ધરાવતા રાજ્યના જરૂરિયાતમંદ યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીયુવાસ્વાવલંબન યોજના તા.૭મી ઓક્ટોબર ૨૦૧૫થી અમલી બનાવવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રીયુવાસ્વાવલંબન યોજના અંતર્ગત તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટેકનીકલ શિક્ષણ હેઠળના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા રાજ્યના ૩૨,૮૩૯ વિદ્યાર્થીઓને રૂ.૧૩૪.૦૩ કરોડની સહાય ચુકવવામાં આવીછે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૪,૩૬૬ વિદ્યાર્થીઓને રૂ.૯૮.૯૨ કરોડ અને વર્ષ૨૦૨૩-૨૪માં ૮,૪૭૩ વિદ્યાર્થીઓને રૂ.૩૫.૧૧ કરોડની સહાય ચુકવવામાંઆવી છે.



વિકાસ એ ગુજરાતનો મિજાજ: વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ : ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

રાજ્યની ઉદ્યોગ નીતી ભવિષ્યના ગુજરાતની કલ્પના અને ગુજરાત તરફ લોકોની આશા-આકાંક્ષાઓને નવી દિશા આપનારી

કમલમ્ ન્યુઝ,

ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતુંકે, ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બનીરહ્યુંછે. દેશનાઅન્ય રાજયોએ ગુજરાતનો આ માર્ગ અપનાવ્યો છે. એટલું જ નહીં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પણ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યુ છે. જેનો શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીને જાય છે. ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વિકાસ એ હવે ગુજરાતનોમિજાજ બન્યોછે અને જન સુખાકારી તથાજન કલ્યાણના કાર્યો થકી ગુજરાતે ઉત્તમ સ્થિતિ હાંસલ કરીછે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગૃહના તમામ સભ્યો ભલે તેઓ ગમે તે પક્ષના હોય, પરંતુ તેમણે એકવાત તોસ્વીકારવી રહી જ કે, ગુજરાતની વર્તમાન ઔદ્યોગિક વિકાસ યાત્રાના એકમાત્ર પ્રણેતા એ ભારતના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છે અને આપણે સૌએ આ માટે તેમનો આભાર વ્યકત કરવો જોઈએ. તેમણે આપણી અને આવનારીપેઢીઓ માટેએક સમૃદ્ધ, વિકસિત અનેઆધુનિક ગુજરાતની કલ્પનાનેસાકાર સ્વરૂપઆપ્યું છે. ઉધોગ મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ના ઉદ્યોગ વિભાગની રૂ.૯૨૨૮ કરોડની માંગણીઓ વિધાનસભા ગૃહમાં રજૂ કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની ઉદ્યોગ નીતિએ ભવિષ્યના ગુજરાતની કલ્પનાઅને ગુજરાતતરફ લોકોની આશા-આકાંક્ષાઓને નવી દિશા આપનારુ છે. ગુજરાતે દસમી ગ્લોબલ સમિટના આયોજનથી વિશ્વના દેશોમાં આગવું સ્થાન બનાવ્યુ છે. અને ૨૦૦૩ થી ૨૦૧૯ સુધીના નોંધાયેલ કુલ ૧,૦૪,૮૭૨ પ્રોજેક્ટ પૈકી ૭૨,૦૧૮ પૂર્ણ થયા, ૨૩૩૨ અમલીકરણ હેઠળ છે. આમ, સફળતાનોઆંક ૭૦.૯૦% જેટલો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે ઔદ્યોગિક ઉત્પાદન, રોજગારી અને નિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી છે. દેશના ઉત્પાદનમાં ૧૮ ટકાથી વધુનો હિસ્સો ગુજરાત ધરાવેછે. ૨૦૧૬-૧૭ થી સતતચોથી વખત ગુજરાત આ બાબતે ભારતમાં પ્રથમ છે.

૨૦૨૧ માં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ૮૪.૫ ટકા પ્લેસમેન્ટ આપ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુજરાતે ૨૨ લાખ કરોડ રૂપિયાની નિકાસ કરી, જે દેશની કુલ નિકાસના ૩૩ટકા જેટલી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતુંકે, વિશ્વની ૫૦૦ ફોર્ચ્યુન કંપનીઓ પૈકી ૧૦૦થી વધુકંપનીઓ ગુજરાતમાં કાર્યરત છે. ગુજરાતસમગ્ર દેશમાં જીડીપી ક્ષેત્રે ૮.૨ ટકાનો હિસ્સો આપે છે. દેશની ૧૧ ટકાથી વધુ ફેક્ટરીઓ ગુજરાતમાંછે. ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન અને મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત થયું છે. છેલ્લા ૨૦ વર્ષોમાં ૫૫ મિલિયન યુએસ ડોલરથી વધુ એફ.ડી.આઈ આવ્યુ. છેલ્લા ૨૦ વર્ષોમાં થયેલા આર્થિક વિકાસના કારણે ગુજરાતના પ્રતિ વ્યક્તિ વાર્ષિક આવક રૂ. ૧૮૩૯૨થી વધીને રૂ. ૨,૭૩,૫૫૮ થઈ છે. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાતમાં ચાલતા મોટા પ્રોજેક્ટ વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ વર્ષે એપ્રિલ-૨૦૨૩ સુધીમાં મોટા પ્રોજેક્ટ સ્થાપવામાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા ક્રમે છે. ૬૨ પ્રોજેક્ટમાંકુલ ૩૧,૨૭૯ કરોડના સૂચિત મૂડી રોકાણ થયા છે. આ માટે આગામી વર્ષ માટે ચાલુ બાબત તરીકે૮૦૦ કરોડતથા નવી બાબતતરીકે ૩૪૫ કરોડ જોગવાઈ કરી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દસમી વાઈબ્રન્ટ આ સમિટ એ માત્ર રોકાણ માટેની નહીં, પરંતુ જ્ઞાન -ટેક્નોલોજીના આદાનપ્રદાન, નેટવર્કિંગ, સામાજિક -આર્થિક વિકાસનું પ્લેટફોર્મઅને ભવિષ્યના ભારતઅને વિશ્વનાવિકાસની નવી ક્ષિતિજો ખોલતી સમિટ સાબિત થઈ છે. આ સમિટ દરમિયાન રાજ્યના વિવિધક્ષેત્રોમાં ૪૫ લાખ કરોડથીવધુ રકમના૯૮ હજારથી વધુ એમ.ઓ.યુ. થયા છે. જે પૈકી ૫૦% જેટલા એમ.ઓ.યુ. ગ્રીન ગ્રોથ એટલેકે ગ્રીન હાઈડ્રોજન અને રીન્યુએબલ એનર્જીના ક્ષેત્રે થયા હતા. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતેબતાવેલ માર્ગઉપર આજે ભારતના અન્યરાજ્ય ચાલી રહ્યા છે.વાઈબ્રન્ટ ગુજરાતસમિટ અન્ય રાજ્યોમાં પણ યોજાઈ રહીછે અને તેનો શ્રેય આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે.

ગુજરાતે ઔદ્યોગિક ઉત્પાદન, રોજગારી અને નિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે "વાઈબ્રન્ટ ગુજરાત – વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ" હેઠળ૩૨ જિલ્લાઓમાં કાર્યક્રમોકર્યા. જે અંતર્ગત ૨૬૦૦ થી વધુ એમ.ઓ.યુ. થયા છે અને તેની કુલ રકમ ૪૫૦૦૦ કરોડથી વધુની હતી. તથા દોઢ લાખથી વધુ નવીરોજગારીનું સર્જન ગુજરાતમાં થશે તેવોવિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ બજેટમાં ૧૫૫૦ કરોડ રૂપિયા એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોને આત્મ નિર્ભર ગુજરાત હેઠળ પ્રોત્સાહન રૂપે આપવાના આયોજનની જાણકારીઆપી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો યુવાનનોકરી માંગનાર નહીં પરંતુ નોકરી દાતા તરીકે હવે આગળ આવ્યોછે ત્યારેઆપણું આ રાજ્ય ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે ખૂબ મહત્વના સ્થાને પહોંચી ગયું છે. તાજેતરમાં જ ગુજરાતને સમગ્ર દેશમાં બેસ્ટ પરફોર્મર સ્ટેટનો એવોર્ડ મળ્યો છે અને આ એક વખત નહીંસતત ચોથી વખત એવોર્ડ મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. આ વર્ષેપણ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા ૧૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતુંકે, દેશમાં સ્ટાર્ટ અપ ઈન્ડિયાની શરૂઆત થઈ ત્યારબાદ ભારત આજે વિશ્વમાં ૧ લાખ ૧૭ હજાર જેટલા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ અને ૧૧૧ યુનિકોર્ન સ્ટાર્ટઅપ ધરાવતું સૌથી મોટું હબ બન્યુંછે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૫ માં ગુજરાતે સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરી હતી અને આવું કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતું. મંત્રીશ્રીએ જણાવ્યુંહતું કે,દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં આવતા ગુજરાતના અગત્યના પ્રોજેક્ટ- ધોલેરાખાસ મૂડીરોકાણ પ્રદેશમાં પણ ૫૩૧ એકર ઔદ્યોગિક જમીન ફાળવીછે. જેમાં દોઢ લાખથીવધુ કરોડનુંરોકાણ થશે અને અંદાજે એક લાખ રોજગારી પણ મળશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત ટેકસટાઇલ પોલિસી

વિશ્વની ૫૦૦ ફોર્ચ્યુન કંપનીઓ પૈકી ૧૦૦થી વધુ કંપનીઓ ગુજરાતમાં

હેઠળ ટેકસટાઇલ એકમોને પાંચ વર્ષ માટે વ્યાજ અને પાવર ટેરીફ સહાય તથા આઠ વર્ષ માટે વેટ / એસજીએસટી કન્સેસન સહાય, એનર્જી કન્ઝર્વેશન, વોટર કંઝર્વેશન, ટેકનોલોજી અપગ્રેડેશન તાલીમ સંસ્થા અને તાલીમાર્થીઓને સહાય તથા ટેક્સટાઇલ અને એપેરલ પાર્ક સ્થાપિત કરવા માટેની સહાય રાજ્ય સરકારે પૂરી પાડી છે. ગુજરાતટેક્સ્ટાઈલનીતિહેઠળ ચાલુ વર્ષે ૧૦૦૦ કરોડથીવધુની સહાય ચૂકવવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતુંકે, ગુજરાત રાજ્યને સેમીકંડક્ટરનુ હબ બનાવવા માટે એકઅલાયદી પોલીસીબનાવીઅને મિશન રૂપેકામશરૂ કર્યુંછે. અંદાજે ૨૨,૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ એકમમાં વર્ષ ૨૦૨૫ થી ઉત્પાદન શરૂ થશેઅને તકનીકી ક્ષેત્રે ૫૦૦૦ પ્રત્યક્ષ અને ૧૫૦૦૦ પરોક્ષ એમ કુલ ૨૦,૦૦૦ નવી રોજગારીઓનું સર્જન થશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દરેક તાલુકે એક જીઆઈડીસી સ્થાપવાના લક્ષ્ય સાથ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ સરકાર કાર્યરત છે. હાલના ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ૪૨ જેટલામલ્ટી લેવલશેડ(પ્લગ એન્ડ પ્લે), ૧૧ જેટલા મહિલાપાર્ક અને એમ.એસ.એમ.ઈ.પાર્ક, ટેકસટાઇલ પાર્ક, સિરામિક પાર્ક, મેડિકલ ડિવાઈસ પાર્ક, જવેલરી પાર્ક, ટોય પાર્ક, સ્ક્રેપપાર્ક જેવાનવીન પ્રકલ્પ અમલમાં છે. ઉદ્યોગકારોની સરળતા માટે ૧૮ વિભાગોની

દેશના ઉત્પાદનમાં ૧૮ ટકાથી વધુ હિસ્સો ગુજરાત ધરાવે છે

૨૦૦ થી વધુ પ્રકારની અરજીઓ ઓનલાઈન કરવાતથા ૨૦થી વધુ સેકટર સ્પેસિફિક નિતીઓ અમલમાં મુકીને ગુજરાતે વ્યાપાર ધંધા કરવાની સરળતામાં ઉત્તમ પ્રદાન કર્યુંછે. મંત્રીશ્રીએખાણ અને ખનીજ અંગે જણાવ્યું હતું કે, રાજયમાં ૪૨૨ માઈનિંગ લીઝ અને ૭૩૧૩ક્વોરી લીઝછે, ત્યારે છેલ્લા ૦૨ વર્ષમાં ગુજરાત રાજયમાં ગેરકાયદેસર ખનન, સંગ્રહ અને વહન હેઠળ ૧૮,૭૩૩ કેસ કરી રૂપિયા ૩૪૨ કરોડથી વધુની વસુલાત કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગત વર્ષે ત્રિનેત્ર - ડ્રોન મારફતે સર્વેલન્સ કરીને ૧૪૦૦ થી વધુ દરોડા પાડીને ૭૦૦ થી વધુ કેસ પકડી ૧૦૦૦ લાખથીવધુ વસુલાત કરી છે. છેલ્લા ૦૨ વર્ષમાં ખનિજ ક્ષેત્રે રૂ. ૩૮૦૦ કરોડથી વધુની મહેસુલી આવક કરેલ છે. ખનીજ હેરફેર સાથે સંકળાયેલ વાહનોને જી.પી.એસ. મારફતે ચોક્કસ સમયે ટ્રેકીંગ કરી તેની ઉપર નજર રાખી બિનઅધિકૃત પ્રવૃતિ ઉપર અંકુશ રાખવામાં આવ્યોછે. મંત્રીશ્રીએપરમીટ વાળા વિસ્તારોના ગામનાં વિકાસ સંદર્ભે જણાવ્યું હતું કે, રેતી, કંકર અને ગ્રેવલની પરમિટ / ક્વોરી લીઝ ની જે રોયલ્ટી પ્રાપ્ત થાય છે, તેમાંથી ૫% વહીવટી ચાર્જ કાપીને ૯૫% રકમજે-તે જિલ્લાપંચાયતને આપી જે-તે ગામનો વિકાસ કરવામાં આવે છે. ખનીજ વાળા વિસ્તારોમાં ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડી.એમ.એફ.)રચવાનું કામ ૩૨ જિલ્લાઓમાં થયું છે. તે હેઠળ રાજ્યના ૨૧૦૦થી વધુ ગામોને તેમાં પ્રભાવિત ગામોની યાદીમાં સમાવેશ કર્યા છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમે ગત વર્ષે ૧૫૦૦૦ કરોડ સુધીનુંમાર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કરેલછે અને નિગમની નેટ વર્થ સપ્ટેમ્બર- ૨૦૨૩ સુધીમાં ૫૭૭૯ કરોડ પહોંચી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગુજરાત વિધાનસભા ખાતે ઉદ્યોગઅને ખાણ વિભાગની માંગણીઓ પસાર કરવામાંઆવી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ડૉકટરોની ઘટ નિવારવા સરકારી હોસ્પિટલમાં ફરજિયાત એક વર્ષ બોન્ડ સેવાની જોગવાઈ છે

સરકારી મેડીકલ કોલેજમાં MBBS અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી ૧ વર્ષની ગ્રામ્ય સેવાની સામે રૂ.૨૦.૦૦ લાખનો બોન્ડ લેવાય છે

સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૬૦૮૨ કેસમાં રૂ.૬૪૭.૬૫ કરોડની બોન્ડ વસુલાત કરવામાં આવી- આરોગ્ય મંત્રી

કમલમ્ ન્યુઝ,

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે બોન્ડ વસુલાત સંદર્ભે વિધાનસભામાં પુછાયેલ પ્રશ્નના જવાબમાં જણાવ્યુ છે કે, રાજયમાં MBBS અભ્યાસક્રમ માં પ્રવેશ માટે એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ કોર્ષીસ, ગાંધીનગર ધ્વારા નીટ આધારીત મેરીટ બનાવી ઓન લાઈન પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. પ્રવર્તમાન નિતી મુજબ રાજયમાં સરકારી મેડીકલકોલેજોમાંએમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી ૧ વર્ષની ગ્રામ્ય સેવાની સામે રૂ.૨૦.૦૦ લાખનો બોન્ડ લેવામાંઆવે છે.GMERS સંચાલિતમેડીકલ કોલેજોઅને સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં સરકારની વિવિધયોજનાઓ જેવી કે એમ.વાય.એસ.વાય, કન્યા કેળવણી નિધિ, ફ્રી-શિપ કાર્ડનો લાભ લઈ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પણ બોન્ડનિતી લાગુ પડે છે. રાજયમાં એમ.બી.બી.એસ. પાસ વિધાર્થીઓને તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ તેમને ડીગ્રી સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિર્વસીટી ધ્વારા કરવામાં આવે છે. રાજય માં એમ.બી.બી.એસ. પાસ કરેલ ઈન્ટર્નશીપ કરતા ડોકટરોને ગુજરાત મેડીકલ કાઉન્સીલ ધ્વારા પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ આપવામાંઆવે છે. ઈન્ટર્નશીપપૂર્ણ થયા બાદ યુનિર્વસીટીની પ્રોવિઝનલ ડીગ્રીના આધારે ફાઈનલ રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. રાજયમાં હાલ કુલ-૩૯ મેડીકલ કોલેજો અને એકએઈમ્સ મેડીકલ કોલેજ કાર્યરત છે. જેમાં કુલ-૭૦૫૦ બેઠકો છે. તેમાં ૬-સરકારી, ૧૩-જીએમઈઆરએસ સંચાલિત, ૩-મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, ૧૬-સ્વનિર્ભર મેડીકલકોલેજો, ૧-ડીમ્ડ યુનિર્વસીટી સંચાલિત અને ૧-એઈમ્સ રાજકોટ મેડીકલ કોલેજો કાર્યરત છે. તેમાંસરકારી મેડીકલ કોલેજોમાં ૧૪૦૦ બેઠકો, જીએમઈઆરએસ મેડીકલ કોલેજોમાં ૨૧૦૦, મ્યુનિસિપલ કોર્પોરેશન મેડીકલ કોલેજોમાં ૭૦૦, સ્વ-નિર્ભર કોલેજોમાં ૨૬૫૦, ડીમ્ડ યુનિર્વસીટી કોલેજમાં૧૫૦બેઠકોઅને એઈમ્સ રાજકોટમાં ૫૦બેઠકો છે. રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૬૦૮૨ કેસમાં રૂ.૬૪૭.૬૫ કરોડની બોન્ડ વસુલાત કરવામાં આવી છે.

રાજ્યમાં વર્ગ-૨ ના ૩૯૮૦ તબીબી અધિકારીઓ દર્દીઓની સેવામાં સેવારત

જામનગર જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે

૧૧૫૦ પથારીની હોસ્પિટલમાં ૬૫૦ બેડ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ અને ૫૦૦ બેડ માતૃ-બાળની સેવાઓ માટે ઉપલબ્ધ બનશે

નિર્માણ પામનાર નવીન હોસ્પિટલ જામનગર ઉપરાંત પડોશી જિલ્લાના લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે - આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જામનગર જી.જી હોસ્પિટલ એકસપાન્શન સંદર્ભ જણાવ્યું છે કે, જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે. આ નવીન હોસ્પિટલ જામનગર સહિતપડોશી જીલ્લાના નાગરીકોની સુખાકારીમાં વધારો કરશે. ૧૧૫૦ પથારીની હોસ્પિટલમાં ૬૫૦ બેડ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓઅને ૫૦૦ બેડ માતૃ-બાળની સેવાઓ માટે ઉપલબ્ધ બનશે. નવીન હોસ્પિટલમાં ઓ.પી.ડી, આઈ.પી.ડી,રસીકરણ, ઈમરજન્સી સારવાર, આઈ.સી.યુ, ઓપરેશન, નિદાન, ડી.ઈ.આઈ.આર.સી. (ડીસ્ટ્રીક્ટ અર્લીઈન્ટરવેન્શન એન્ડ રીહેબિલિટેશન સેન્ટર), એન.આર.સી. (ન્યુટ્રીશનલ રીહેબીલીટેશન સેન્ટર), સ્પેશ્યલ વેલ બેબી કલીનીક, એડોલસંટ કલીનીક, વગેરે જેવી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. હોસ્પિટલ પરિસરમાં વર્ષોજૂના બાંધકામ તોડીને નવીન હોસ્પિટલ તૈયાર કરવાનીપ્રક્રિયા આરંભવામાં આવી છે? હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ૨૧૪૫ બેડની સુવિધા ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૧ થી૨૩ માં૧૪.૭૦ લાખ દર્દીઓએ સારવાર મેળવી.૨૪.૩૯ લાખ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા. ૧૭,૩૦૭ સફળ પ્રસુતિ થઈ. ૧૮,૭૨૭ મેજર અને ૩૫,૬૬૫ માઈનોર સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028